દશ વૈકાલિક સૂત્ર

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૪

સંપાદક :

પૂ. મુનિશ્રી
અમિતયશવિજયજી
મ.સા.



પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

।। શ્રી મહાવીરાય નમઃ ।।

।। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-
કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ।।

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૪

# શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ
## (અધ્યયન પાંચમું)

દિવ્યાશિષ દાતા

પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ દાતા

પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

સંપાદક

મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

શાસન સમ્રાટ ભવન
સ્થાન:
હઠીભાઈની વાડી, અમદાવાદ.

પુસ્તક : કલાપૂર્ણ સ્વાધ્યાય - ૧૪
શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ
(અધ્યયન : ૫)

નકલ : ૧૦૦૦

શુભ આલંબન : સા.શ્રી ચારૂકલ્પાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી શ્વે. મૂ.પૂ. જૈન સંઘ મરોલનાં જ્ઞાનખાતાની રકમમાંથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે.

મુદ્રક : [illegible]
ફોન : [illegible]

આ પુસ્તક ખાસ સાધુ સાધ્વીજી મ.સા. માટે છે.

# પ્રસ્તાવના

સાધુ જીવનમાં સ્વાધ્યાયનો રસ ખૂબ જ જરૂરી છે. પાંચ મહાવ્રતનું પાલન અને છ કાય જીવોની રક્ષા એ સાધુ જીવનનો પ્રાણ છે.

સંસાર રસિક જીવો સંસારમાં રચ્યા પચ્યા રહે છે. સંયમના રસિક જીવો સંયમ જીવનનો અનુભવ કરીને આત્માને તારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. સંયમ જીવન મેળવવા માટે પ્રભુની કૃપા અને ગુરૂદેવોના આશીર્વાદ અત્યંત જરૂરી છે. આ પુસ્તકમાં દસ વૈકાલિક અધ્યયન પાંચના અર્થ આપેલા છે, તે દરેક પૂ. સાધુ-સાધ્વીજી મ.ને ઉપયોગી બને એ જ મંગલ ભાવના. જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. પ્રેસાદિ દોષો સુધારીને વાંચવા વિનંતી.

૨૦૬૦, જૈન ઉપાશ્રય　　　　મુનિ અમિતયશ વિ.
આ.સુ.૧૧
ચકાલા, અંધેરી (ઈસ્ટ)

## • પાંચમું પિંડેષણા અધ્યયન •

આ અધ્યયનમાં पिंड એટલે આહાર-વસ્ત્ર-પાત્ર-વસતિ વગેરે સંયમ અને શરીર માટે ઉપકારક પદાર્થોને મેળવવાનો एषणा નિર્દોષ માર્ગ બતાવેલો હોવાથી તેનું पिंड + एषणा = પિંડેષણા એવું નામ છે. પિંડશુદ્ધિ સાથે જવું-આવવું-બોલવું-ભોજન કરવું વગેરેનો પણ ઉત્તમ વિધિ અને પ્રત્યેક પ્રવૃત્તિ કરતાં શરીર, સંયમ અને શાસનની રક્ષા થાય તેવા વિશિષ્ટ ઉપાયો કહેલા છે-

બીજાને લેશ પણ દુઃખ ન થાય, એ રીતે આત્મવિકાસમાં અનન્યસાધનભૂત માનવદેહને ટકાવવાના ધ્યેયથી અનાસક્તભાવે અન્નાદિ મેળવવું તેને ભિક્ષા કહેવાય છે. સર્વપરિગ્રહનો ત્યાગી સાધુવર્ગ આવી ભિક્ષા મેળવવાનો અધિકારી બને છે. એને ભિક્ષા આપવાથી ગૃહસ્થને પણ ધર્મની સિદ્ધિ અને પાપથી શુદ્ધિ થાય છે. કારણ કે સર્વજીવોની દયા-રક્ષા કરનારા સાધુઓ જીવમાત્રના ઉપકારી છે. એની સેવા કરવાનો એક પ્રકાર ભિક્ષા

આપવી તે પણ છે.

કોઈને દુઃખ ન થાય, કે ન્હાનામાં ન્હાના જીવની પણ હિંસા ન થાય, એ રીતે ભિક્ષા મેળવીને જીવનનિર્વાહ કરવો, તે ખાંડાની ધાર ઉપર ચાલવા તુલ્ય ક્લિષ્ટતમ કાર્ય છે. તેમાંથી કેવી રીતે પાર ઊતરવું, તે આ અધ્યયનમાં વિસ્તારથી-શક્ય બને તે રીતે જણાવેલું છે. સંયમની રક્ષા માટે ઉપરના અધ્યયનમાં કહ્યું. હવે સંયમ જેટલી જ અગત્ય દેહરૂપ સાધનની પણ હોવાથી અહીં તેના નિર્વાહનો ઉપાય બતાવે છે. અથવા ચોથા અધ્યયનમાં પ્રાણાતિપાત-વિરમણાદિ મૂળ ગુણો કહ્યા અને આમાં ઉત્તરગુણો કહે છે, એમ ચોથા-પાંચમાનો સંબંધ સમજવો.

(૬૧) **संपत्ते भिक्खकालंमि, असंभंतो अमुच्छिओ ।**
**इमेणं कमजोगेणं, भत्तपाणं गवेसए ॥ १-१ ॥**

**भिक्खकालंमि** = ભિક્ષાકાળ **संपत्ते** = સંપ્રાપ્ત થતાં **असंभंतो** = અનાકૂળપણે (વિધિપૂર્વક પાત્રપ્રતિલેખનાદિ કરીને) **अमुच्छिओ** = (શબ્દાદિ

અન્ય વિષયોમાં કે અશનાદિમાં) મૂર્છારહિત સાધુ इमेणं = આ કહીશું તે कमजोगेणं = ક્રમિક પ્રવૃત્તિથી भत्तपाणं = નિર્દોષ આહાર પાણીની गवेसए = શોધ કરે. (૧)

આ ગાથાથી અકાળે ગોચરી જવાનો નિષેધ સમજવો. સામાન્યતયા ગૃહસ્થોના ભોજનનો જે કાળ હોય તેને અને મુખ્યમાર્ગે સૂત્ર-અર્થપોરિસી પછીના કાળને અહીં કાળ સમજવો. 'પ્રાપ્ત' નહિ કહેતાં 'સંપ્રાપ્ત' કહ્યું, તેથી સ્વાધ્યાયાદિ સંયમયોગોમાં વર્તનારને પ્રાપ્ત થએલો સમજવો. સંયમયોગમાં પ્રમાદીને યોગ્ય કાળે પણ ભિક્ષા માટે અનધિકારી સમજવો. એમ મૂર્છાવાળા વગેરેને અંગે પણ સમજી લેવું. ૧.

**હવે ભિક્ષાએ નીકળેલાને ચાલવાનો વિધિ કહે છે-**

**(૬૨) से गामे वा नगरे वा, गोयरग्गगओ मुणी ।**
**चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा ॥ १-२ ॥**

ગામમાં કે નગરમાં गोयरग्गगओ = ગોચરીમાં

અગ્રગત (અધિકારી) से मुणी = તે મુનિ अणुव्विग्गो = ઉદ્વેગરહિત, अव्वक्खित्तेण चेयसा = અવ્યાક્ષિપ્ત ચિત્તથી (ઉપયોગયુક્ત) मंद = ધીમે ધીમે ચાલે. (૨)

અહીં ગોચરીના 'આધાકર્મ' આદિ સર્વ દોષોનો જાણ હોય તે અગ્રગત-અગ્રેસર, ન મળે કે અનિષ્ટ મળે તો પણ ઉદ્વેગ નહિ કરનારો, એવો મુનિ ગોચરી માટે અધિકારી સમજવો. ઉત્તમ, મધ્યમ કે જઘન્ય ઘરોમાં, વાછરડાના દૃષ્ટાન્તે સમદૃષ્ટિથી રાગદ્વેષાદિ રહિત ચિત્તે, આહાર મેળવવા માટે ફરવું, તેને જૈન પરિભાષામાં 'ગોચરી' કહેવાય છે, એ દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.

એક વણિકને ત્યાં વાછરડો હતો. એકદા ઘેર જમણવાર હોવાથી તેની સંભાળ કોઈ કરી શક્યું નહિ. મધ્યાન્હે ભૂખ્યો વાછરડો બૂમો નાંખવા લાગ્યો, ત્યારે મહોત્સવ હોવાથી વસ્ત્રાભુષણથી સજ્જ બનેલી શેઠના દીકરાની વહુએ તેને ચારો-પાણી ખવડાવ્યું-

પીવડાવ્યું. તે વેળા વાછરડાની દષ્ટિ માત્ર ચારા-પાણીમાં જ હતી. સ્ત્રીએ પહેરેલા વસ્ત્રાભુષણ કે તેના રૂપ-રંગ પ્રત્યે ન હતી. એમ સાધુએ પણ વહોરાવનારના રૂપરંગમાં લક્ષ્ય આપ્યા વિના સદોષ-નિર્દોષ પિંડ (અશનાદિ) તરફ જ લક્ષ્ય આપવાનું હોવાથી તેને ગો+ચરી-ગોચરી કહેવાય છે. ૨.

**( ६३ ) पुरओ जुगमायाए, पेहमाणो महीं चरे ।**
**वज्जंतो बीअहरियाइं, पाणे य दगमट्टियं ॥ १-३ ॥**

जुगमायाए = ધુંસરી પ્રમાણ (સાડાત્રણ-ચાર હાથ) महीं = પૃથ્વીને पुरओ = આગળ पेहमाणो = જોતો અને સચિત્ત બીજો, વનસ્પતિ, पाणे = બે ઇન્દ્રિયાદિ ત્રસજીવો दगमट्टियं = પાણી અને પૃથ્વીને તથા ઉપલક્ષણથી અગ્નિકાય-વાયુકાયને, એ સર્વને वज्जंतो = ત્યજતો (નહિ વિરાધતો) चरे = ચાલે. (૩)

ઈર્યાસમિતિનું પાલન કરતો અને ઊંચે, બાજુંમાં કે પાછળ જયાં ત્યાં દષ્ટિ નહિ ફેરવતો-

નીચી દૃષ્ટિએ ચાલે, છતાં બાજુંમાં કે પાછળથી કોઈ ઉપદ્રવ ન થવાનું પણ લક્ષ્ય રાખે. ૩.

(६४) **ओवायं विसमं खाणुं, विजलं परिवज्जए ।**
**संकमेण न गच्छिज्जा, विज्जमाणे परक्कमे ॥ १-४ ॥**

રસ્તે ચાલતાં ओवायं = ખાઈ-ખાડાને विसमं = ખાડા-ટેકરાને (કે આકરા ઢાળને) खाणुं = ખીલા-ખુંટા વગેરેને અને विजलं = કાદવને परिवज्जए = સર્વ રીતે તજે. સંયમ અને શરીર ઉભયની રક્ષા માટે विज्जमाणे परक्कमे = બીજો માર્ગ હોય તો संकमेण = સંક્રમ માર્ગે (પાણી કે ખાડા વગેરેના ઉલ્લંઘન માટે મૂકેલાં કાષ્ઠ-પત્થર વગેરે ઉપર) ન ચાલે. બીજા માર્ગના અભાવે પણ કોઈ જીવ હણાય નહિ તેમ સાવધ થઈને ધીમે ધીમે ચાલે. (૪)

(६५) **पवडंते व से तत्थ, पक्खलंते व संजए ।**
**हिंसेज्ज पाणभूयाइं, तसे अदुव थावरे ॥ १-५ ॥**

કારણ કે ખાઈ-ખાડા-ટેકરા વગેરે ઉપર

ચાલતાં से = તે संजए = સાધુ तत्थ = ત્યાં पवडंते = પડે, અથવા पक्खलंते = પગે વગેરે ખસે તો पाण = બેઇન્દ્રિયાદિ तसे = ત્રસ અથવા भूयाइं = એકેન્દ્રિય थावरे = સ્થાવર જીવોને હણે. એથી સંયમની અને પડી જાય તો શરીરની (પોતાની) વિરાધના થાય. (૫)

**( ६६ ) तम्हा तेण न गच्छिज्जा, संजए सुसमाहिए ।**
**सइ अन्नेण मग्गेण, जयमेव परक्कमे ॥ १-६ ॥**

તે કારણે સંયત અને સુસમાહિત (જિનાજ્ઞાપાલક) મુનિ ઉત્સર્ગથી તેવા નિષિદ્ધ માર્ગે ન ચાલે. અપવાદે બીજો માર્ગ सइ एव = ન હોય તો જ जयं = યતનાપૂર્વક परक्कमे = પરાક્રમે સાવધ બનીને ચાલે. (૬)

અહીં सइ = પદ असइ = અર્થમાં સમજવું. પ્રાકૃત નિયમ પ્રમાણે अ = લુપ્ત સમજવો जयं = ક્રિયાવિશેષણ અને अन्नेण = વગેરે પદોમાં તૃતીયા વિભક્તિ સપ્તમીના અર્થમાં સમજવી. ૬.

સામાન્ય વિધિ કહીને હવે પૃથ્વીકાયની યતના કહે છે-

(૬૭) इंगालं छारिअं रासिं, तुसरासिं च गोमयं ।
ससरक्खेहिं पाएहिं, संजओ तं नइक्कमे ॥ १-७ ॥

इंगालं = અંગારાના ઢગલાને छारिअं रासिं = ભસ્મ કે ક્ષારના ઢગલાને तुसरासिं = કોઈ જાતિનાં ફોતરાના ઢગલાને અને गोमयं = છાણાંના ઢગલાને (એ વસ્તુઓ અચિત્ત હોય તો પણ) तं = તેને संजओ = સાધુ ससरक्खेहिं = સચિત્ત પૃથ્વીની રજથી ખરડાયેલા પગે, नइक्कमे = ન ઉલ્લંઘે (ઉપર ન ચાલે) (૭)

અંગારા કોલસારૂપ સમજવા. એ દરેક અચિત્ત ઉપર ચાલતાં પણ પગે લાગેલી સચિત્ત રજરૂપ પૃથ્વીકાયની હિંસા થાય. ૭.

હવે અપકાય આદિની યતના માટે કહે છે-

(૬૮) न चरेज्ज वासे वासंते, महियाए व पडंतिए ।
महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥ १-८ ॥

वासे वासंते = વરસાદ વરસતે કે महियाए = ધૂમ્મસ પડે ત્યારે, અપકાયની યતના ઈચ્છતો સાધુ રસ્તે ન ચાલે. (નીકળ્યા પછી વરસે તો એકાન્ત સ્થાને ઊભો રહે) તથા મહાવાત (આકરો પવન) વાતે છતે અને तिरिच्छसंपाइमेसु = તિર્છા જીવો પડતે છતે, અર્થાત્ પતંગિયાં-તીડ આદિ ઊડે ત્યારે પણ (વાયુકાય અને ત્રસકાયની યતના ઈચ્છતો) સાધુ ન ચાલે. (૮)

**હવે ચતુર્થ વ્રતની યતના માટે કહે છે-**

**(૬૧) न चरेज्ज वेससामंते, बंभचेरवसाणुए ।**
**बंभयारिस्स दंतस्स, होज्जा तत्थ विसोत्तिया ॥ १-९ ॥**

बंभचेरवसाणुए = બ્રહ્મચર્યને વશ (નાશ) કરે તેવા वेससामंते = વેશ્યાના વસવાટવાળા માર્ગે ન ચાલે, કારણ કે દાન્ત એવા પણ બ્રહ્મચારીને ત્યાં विसोत्तिया होज्जा = વિસ્રોતસિકા થાય (તેના રૂપને જોવાથી કામનું સ્મરણ અને દુર્ધ્યાનરૂપી મેલથી જ્ઞાન-શ્રદ્ધારૂપ ગુણો મલીન થાય) (૯)

ઝેર ખાવું એ દુઃસાહસ છે, તેમ ગમે તેવા મન અને ઈન્દ્રિયોના વિજેતાને પણ સ્ત્રીનો પરિચય હાનિ કરે છે. પછી વેશ્યા માટે તો પૂછવું જ શું ? મોહનો મૂલમાંથી નાશ ન થાય ત્યાં સુધી અનાદિ વાસનાનાં બીજ, વિષયોના દર્શન-શ્રવણ કે સ્મરણ માત્રથી પણ અંકુરિત થાય છે. એટલું જ નહિ, આકરો ત્યાગ પાળનારા વિરાગીના ચિત્તને પણ ચલિત કરી શકે છે. માટે વેશ્યા રહેતી હોય તે રસ્તો પણ ઉત્તમ મુનિઓ તજે. ૯.

**(૭૦) अणायणे चरंतस्स, संसग्गीए अभिक्खणं ।**
**होज्ज वयाणं पीला, सामन्नंमि य संसओ ॥ १-१० ॥**

(જયાં વ્રતાદિનું आयतन = રક્ષા ન થાય તેવા) **अणायणे** = અનાયતન સ્થાને વારંવાર ચાલતા (જતા-આવતા) સાધુને **अभिक्खणं** = વારંવાર તેવા સંસર્ગથી વ્રતોને **पीला** = પીડા થાય (દૂષણ લાગે) અને **सामन्नंमि** = દ્રવ્ય-ભાવ સાધુતામાં પણ **संसओ** = સંશય થાય. (૧૦)

વૃદ્ધવાદ એવો છે કે-ચિત્તનું આકર્ષણ થવાથી ચોથા વ્રતમાં, આહારાદિ લેતાં એષણા શુદ્ધિમાં ઉપયોગ ન રહેતાં હિંસા થવાથી પહેલા વ્રતમાં, તે સ્ત્રીને મેળવવા-ઓળખવા માટે પૂછવાથી-બોલવાથી બીજા વ્રતમાં, જિનાજ્ઞા વિરુદ્ધ તીર્થંકર અદત્ત થવાથી ત્રીજા વ્રતમાં અને સ્ત્રીમાં મમત્વ થવાથી પાંચમા વ્રતમાં પીડા એટલે અતિચારો લાગે. પરિણામે ભાવથી સંયમના પરિણામોનો પણ નાશ થાય અને દ્રવ્યથી વેષ પણ છોડવાનું બને. એમ એક દોષથી પાંચ મહાવ્રતોને અને દ્રવ્ય-ભાવ ચારિત્રને હાનિ પહોંચે છે. ૧૦.

(૭૧) **तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥ १-११ ॥**

तम्हा = તે માટે एयं = એ ઉપર કહેલા दोसं = દોષને જાણીને, एगतं = મોક્ષને अस्सिए = આશ્રિત (સાધતો) મુનિ દુર્ગતિને વધારનાર વેશ્યાના વસવાટવાળા રસ્તાને वज्जए = વર્જે છે. (૧૧)

(७२) साणं सूयं गाविं, दित्तं गोणं हयं गयं ।
संडिब्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥ १-१२ ॥

વળી મોક્ષનો સાધક મુનિ માર્ગે ચાલતાં साणं = કુતરાને सूयं गाविं = તુર્ત વીઆયેલી ગાયને, दित्तं = મદોન્મત્ત गोणं हयं गयं = બળદને, ઘોડાને, હાથીને, (અર્થાત્ તે હોય તેવા માર્ગને) અને संडिब्भं = બાલકો મરતાં હોય कलहं = વાક્કલહ (કજીઓ) ચાલુ હોય, जुद्धं = યુદ્ધ શસ્ત્રોથી થતું હોય તે માર્ગને દૂરથી જ તજી દે, એ રસ્તે ન જાય. (૧૨)

કુતરાં વગેરે શરીરને ઉપદ્રવ કરે, બાળકો વંદન માટે દોડે તો પડી જવા વગેરેથી સંયમ વિરાધના વગેરે અને કલહ કે યુદ્ધવાળા માર્ગે ચાલવાથી ઉભય વિરાધના સંભવિત છે. ૧૨.

(७३) अणुन्नए नावणए, अप्पहिटठे अणाउले ।
इंदियाणि जहाभागं, दमइत्ता मुणी चरे ॥ १-१३ ॥

વળી મુનિ માર્ગે ચાલતાં अणुन्नए = ઊંચો થયા

વિના नावणए = અવનત-બહુ નીચો થયા વિના, अप्पहिट्ठे = નહિ હસતો, अणाउले = ક્રોધાદિથી આકુળ-વ્યાકુળ થયા વિના जहाभागं = યથાવિષય (તે તે શબ્દાદિ વિષયમાં) ઈન્દ્રિયોને दमइत्ता = દમન કરીને (રાગ-દ્વેષ વિના) ચાલે. (૧૩)

ઊંચે જોઈને ચાલવું તે દ્રવ્યથી ઊંચો, અભિમાનપૂર્વક ચાલવું તે ભાવથી ઊંચો, એ રીતે બહુ નીચો નમીને ચાલે તે દ્રવ્યથી અવનત અને લબ્ધિના અભાવે દીનતા કરવી તે ભાવથી અવનત, એવું કંઈ પણ ન કરે. ૧૩.

**(૭૪) दवदवस्स न गच्छेज्जा, भासमाणो अ गोअरे ।**
**हसंतो नाभिगच्छिज्जा, कुलं उज्जावयं सया ॥ १-१४ ॥**

વળી મુનિ સદા उच्चावयं = ઊંચાંનીચાં કુળોમાં गोअरे = ગોચરી જતાં दवदवस्स = જલ્દી જલ્દી ન ચાલે, બોલતો બોલતો કે હસતો હસતો પણ ન ચાલે, કિન્તુ મધ્યમગતિએ ગંભીરતા ધીરતાપૂર્વક મૌનપણે ચાલે. (૧૪)

મોટી હવેલી વગેરે અથવા જાતિ વગેરેથી શ્રેષ્ઠ હોય તેઓનાં ઊંચા કુળો અને નાનાં ઝુંપડાં કે સામાન્ય જાતિવાળાનાં હોય તે નીચકુળો, એમ ભેદ સમજવો. બન્નેમાં જવાનો વિવેક સાચવે. અન્યથા શરીરવિરાધના અને લોકોમાં હલકાઈ થવાથી સંયમવિરાધના એમ બન્ને વિરાધના થાય. ૧૪.

(૭૫) **आलोअं थिग्गलं दारं, संधिं दगभवणाणि अ ।**
**चरंतो न विनिज्झाए, संकट्ठाण विवज्जए ॥ १-१५ ॥**

વળી માર્ગે ચાલતો મુનિ आलोअं = ગોખ બારી વગેરેને थिग्गलं = પૂરી દીધેલા दारं = ભીંત વગેરેના દ્વારને संधिं = પૂરી દીધેલા સાંધાને (ખાતર વગેરે માટે કરેલા છિદ્રાદિને) दगभवणाणि = પાણીઆરાને, ઈત્યાદિ બીજાને શંકા થાય તેવાં संकट्ठाणं = શંકાસ્થાનોને न विनिज्झाए = ધારી ધારીને ન જુવે કિન્તુ જોવું વર્જે. (૧૫)

એવું જોવાથી બીજાને 'આ ચોર હશે' એવી, કે ચોરી થઈ હોય તો 'એ ચોરી ગયો હશે' વગેરે

શંકા થાય, એથી સંયમની હલકાઈ થાય ને શિક્ષા વગેરેથી શરીરની વિરાધના પણ થાય. ૧૫.

(૭૬) **रन्नो गिंहवईणं च, रहस्सारक्खियाण य ।**
**संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥ १-१६ ॥**

रन्नो = ચક્રવર્તી આદિ રાજાના गिहवईणं = ધનિક-ગૃહસ્થોનાં, आरक्खियाण = આરક્ષકોનાં (કોટવાળોનાં) અને रहस्स = ગુપ્ત ઓરડા વગેરે संकिलेसकरं = સંકલેશ કરનારા ठाणं = સ્થાનોને દૂરથી જ તજે, ધારીને જુવે નહિ. (૧૬)

રાજા કે શ્રીમંતોનાં સ્થાનો જોવાથી અસંયમની દુષ્ટ ઈચ્છાઓ થાય અને કોટવાળ વગેરેની ગુપ્ત વાત પ્રકટ થઈ હોય કે થાય તો જોનાર સાધુને ગુન્હેગાર માની શિક્ષા કરે, વગેરે વિવિધ ક્લેશોનો સંભવ સમજવો. ૧૬.

હવે કેવા ઘરોમાં જવું કે ન જવું તે કહે છે-

(૭૭) **पडिकुट्ठं न पविसे, मामगं परिवज्जए ।**
**अचिअत्तं कुलं न पविसे, चिअत्तं पविसे कुलं ॥ १-१७ ॥**

पडिकुट्ठं = નિષિદ્ધ કુળમાં પ્રવેશ ન કરે, मामगं = (મારા ઘેર કોઈએ આવવું નહિ એવો નિષેધ કરે તે મામક કહેવાય, તેવા) મામકના ઘરનો ત્યાગ કરે, નિષેધ નહિ કરવા છતાં જવાથી अचिअत्तं = પ્રસન્ન ન થાય, અપ્રીતિ ધરે તેવાના ઘરમાં પ્રવેશ ન કરે, કિન્તુ चिअत्तं = સાધુના આગમનથી પ્રસન્ન થનારના ઘરમાં પ્રવેશ કરે. (૧૭)

નિષિદ્ધ ઘરો બે પ્રકારનાં છે, એક સૂતકવાળાં તે અમુક મર્યાદિત કાળ માટે નિષિદ્ધ. બીજાં નીચ આજીવિકા મેળવનાર અસ્પૃશ્ય-નારુ-કારુ કે માંસાહારીઓ વગેરેનાં, તે કાયમ માટે નિષિદ્ધ. આ બન્નેમાં જવાથી સંયમની હલકાઈ થાય. મામકને ઘેર જતાં અપશબ્દો કહે. અપમાન કરે. અપ્રીતિ કરનારના ઘેર જતાં તેને સંક્લેશ થવાથી અને સાધુ તેમાં નિમિત્ત થવાથી બન્નેને મિથ્યાત્વમોહનીય કર્મ બંધાય. '૭ કાયની દયાવાળાને પણ બોધિ દુર્લભ થાય' એમ શાસ્ત્રોમાં કહ્યું છે, માટે પ્રત્યેક કાર્યમાં

કોઈને અપ્રીતિ કે લોકમાં ધર્મની હલકાઈ ન થાય, અને પોતાને સંયમહાનિ કે બીજો કોઈ ઉપદ્રવ ન થાય, ઈત્યાદિ વિચારીને વર્તવું, એ સાધુનો મુખ્ય માર્ગ છે. ૧૭.

**(૭૮) साणीपावारपिहिअं, अप्पणा नावयंगुरे ।**
**कवाडं नो पणुल्लिज्जा, उग्गहंसि अजाइआ ॥ १-१८ ॥**

વળી साणी = શણના (કંતાનના) પડદાથી, કે पावार = પ્રાવરણથી (કોઈ વસ્ત્રથી) અને ઉપલક્ષણથી કામળી વગેરેથી पिहिअं = પ્રવેશનું દ્વાર બંધ કર્યું હોય, તેને उग्गहंसि = અવગ્રહને अजाइआ = યાચ્યા વિના (અનુમતિ વિના) अप्पणा = પોતે (સ્વયં) ન अवपंगुरे = ન ઉઘાડે તથા બંધ કરેલા कवाडं = કમાડને પણ પોતાની મેળે पणुल्लिज्जा = ન ઉઘાડે. સબળ કારણે તો 'ધર્મલાભ' ઉચ્ચારીને અનુમતિ મળે તો ઉઘાડે. (૧૮)

અનુમતિ વિના ઉઘાડતાં અદત્તાદાન અને દ્વેષાદિનો સંભવ રહે. ૧૮.

(७९) गोअरग्गपविट्ठो य, वच्चमुत्तं न धारए ।
ओगासं फासुअं नच्चा, अणुन्नविय वोसिरे ॥ १-१९ ॥

વળી ગોચરી માટે જનારો સાધુ वच्च-मुत्तं = વડી-લઘુ-નીતિને न धारए = રોકે નહિ, નીકળતાં પહેલાં બાધા ટાળે, એમ છતાં કોઈ કારણે બાધા સહિત નીકળવું પડે કે પુનઃ બાધા થાય, તો फासुअं = પ્રાસુક (નિર્જીવ) ओगासं = અવકાશને (સ્થાનને) नच्चा = જાણીને (શોધીને) अणुन्नविय = તેના સ્વામીની અનુજ્ઞા (અનુમતિ) મેળવીને ત્યાં वोसिरे = વોસિરાવે (બાધા ટાળે). (૧૯)

વડીનીતિ રોકવાથી જીવિતને અને લઘુનીતિ રોકવાથી નેત્રોને ઉપઘાત થાય, એવો ઉપઘાત હિતકર નથી, માટે સાથેના સંઘાટકને પાત્રાદિ સોંપીને યોગ્ય ભૂમિમાં બાધા ટાળવી જોઈએ. ઓઘનિર્યુક્તિ ગ્રન્થમાં વિસ્તારથી કહેલો તેનો વિધિ જાણવા યોગ્ય છે. ૧૯.

(૮૦) **नीयदुवारं तमसं, कुट्ठगं परिवज्जए ।**
**अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ॥ १-२० ॥**

जत्थ = જ્યાં अचक्खुविसओ = નેત્રોથી ન દેખી શકાય તેવું नीयदुवारं = ઘરનું દ્વાર નીચું (કે ન્હાનું) હોય, तमसं = અંધારું હોય, ત્યાં અને જ્યાં कुट्ठगं = કોઠાર-ઓરડા વગેરેમાં જઈને ભિક્ષા લેવાની હોય, તે ઘરોને તજે, કારણ કે તેવા સ્થાને पाणा = ત્રસાદિ જીવો કે સ્થાવર સજીવ પદાર્થો दुप्पडिलेहगा = દુષ્પ્રતિલેખ્ય બને. (જયણા થઈ શકે નહિ.) (૨૦)

અંધારામાં ઈર્યાસમિતિનું પાલન ન થાય. વિશેષમાં ચોરી, અબ્રહ્મ વગેરેના કલંકનો પણ સંભવ રહે. દ્વાર નાનું હોવાથી પ્રવેશમાં કષ્ટ પડે, તેથી શરીરે બાધા પણ થાય, વગેરે દોષો જાણવા. ૨૦.

(૮૧) **जत्थ पुप्फाइं बीआइं, विप्पइन्नाइं कोट्ठए ।**
**अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥ १-२१ ॥**

વળી જ્યાં સચિત્ત પુષ્પો કે અનાજના કણ

વગેરે બીજો विप्पइन्नाइं = ઘણા પ્રમાણમાં વેરાએલાં હોય તેને અથવા कोट्ठए = ધાન્ય ભરવાના કોઠાર દ્વારને, અથવા अहुणा = હમણાં उवलित्तं = લીંપેલા उल्लं = લીલા (નહિ સુકાએલા) કોઠારને કે તેવા અન્ય સ્થાનને પણ જોઈને (જાણીને) તજે-ત્યાં ન જાય. (૨૧)

તેવા સ્થાને સચિત્ત પુષ્પાદિની કે અપકાયાદિની વિરાધના થવાનો સંભવ છે. સચિત્ત પુષ્પાદિ હોવા છતાં છુટા છવાયા પડેલાં હોય તો યતનાપૂર્વક જઈ શકાય. ૨૧.

**(૮૨) एलगं दारगं साणं, वच्छगं वा वि कुट्ठए ।**
**उल्लंघिया न पविसे, विउहित्ताण व संजए ॥ १-२२ ॥**

कुट्ठए = કોઠારના (ઘરના) દ્વારમાં બેઠેલા કે ઊભા રહેલા एलगं = બકરાને दारगं = બાળકને साणं = કૂતરાને वच्छगं वा वि = અથવા વાછરડાને પણ उल्लंधिआ = ઓળંગીને, કે विउहित्ताण = હાંકીને (કાઢી મૂકીને) કે ખસેડીને संजए = સાધુ

પ્રવેશ ન કરે. (અર્થાત્ પ્રવેશની દુષ્કરતા હોય ત્યાં ન જાય.) (૨૨)

પશુઓથી શરીરને બાધા અને અસભ્ય વર્તન થવાથી અપભ્રાજનારૂપ સંયમને પણ બાધા થાય. ઉપલક્ષણથી ઘેટો ઘેટી બકરી કૂતરી આદિ પણ સમજી લેવાં. ૨૨.

(૮૩) असंसत्तं पलोइज्जा, नाइदूरावलोअए ।
उप्फुल्लं न विनिज्झाए, नियट्टिज्ज अयंपिरो ॥ १-२३ ॥

વળી સાધુ (દાત્રી-સ્ત્રી વગેરેને) असंसत्तं = અનાસક્ત દષ્ટિથી જુએ, (નજર સાથે નજર મેળવે નહિ), ઘરમાં પણ અતિ દૂર (લાંબી નજરે) ન જુવે, (ઘરના બીજા પરિવારને પણ) उप्फुल्लं = ફાટી આંખે (ધારી ધારીને) ન જુવે અને (અશનાદિ ન મળે તો પણ દીન કે કઠોર વચનને) अयंपिरो = ન બોલતાં नियट्टिज्ज = પાછો ફરે. (૨૩)

વિકારી દષ્ટિથી, લાંબી નજરે, કે ફાટી નજરે જોવાથી લઘુતા, કુશીલપણાની શંકા થાય અને દીન

કઠોર બોલતાં સંયમની અપભ્રાજના થાય, વગેરે દોષો સમજવા. કેટલાક આ ગાથાનો એ પ્રમાણે 'માર્ગે ચાલતાં ન જોવું', એવો અર્થ કરે છે. ૨૩.

(૮૪) **अइभूमिं न गच्छेज्जा, गोअरग्गगओ मुणी ।**
**कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥ १-२४ ॥**

ગોચરી ગએલો મુનિ ઘરમાં अइभूमिं = મર્યાદા ઉપરાંત અંદર ન જાય, કિન્તુ कुलस्स भूमिं = ઉત્તમ-મધ્યમ ઘરની મર્યાદા જાણીને-જ્યાં બીજા ભિક્ષાચરોને ઊભાં રાખી દાન દેવાતું હોય તેટલી मियं = પ્રમાણોપેત (દાતારની અનુમતિ હોય તે) ભૂમિમાં (જગ્યામાં) ઊભો રહે. (૨૪)

અન્યથા અપ્રીતિ આદિ થાય. અહીં 'ગોચરી ગએલો' એમ કહ્યું, તેથી ગોચરી વિના સાધુને ગૃહસ્થના ઘેર જવાય નહિ. ૨૪.

(૮૫) **तत्थेव पडिलेहिज्जा, भूमिभागं विअक्खणो ।**
**सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥ १-२५ ॥**

જ્યાં ઊભો રહે तत्थेव = ત્યાં જ વિચક્ષણ

મુનિ ભૂમિપ્રદેશને પડિલેહે, અર્થાત્ સૂત્રોક્ત વિધિથી ઉચિત ભૂમિપ્રદેશને દૃષ્ટિ આદિથી જોઈને ત્યાં ઊભો રહે, તથા सिणाणस्स = સ્નાનઘરને (બાથરૂમને) અને वच्चस्स = વડી નીતિના સ્થાનને (સંડાસને) संलोगं = દેખી શકાય તેવા સ્થાનને તજે, ત્યાં ન ઊભો રહે. (૨૫)

ઉચિત સ્થાને સૂત્રોક્ત વિધિથી ઊભા રહેવાનું જણાવ્યું, એથી સૂત્રાર્થના અજાણ-અગીતાર્થને ગોચરી માટે અનધિકારી કહ્યો. સ્નાનઘર કે સંડાસ પાસે ઊભા રહેતાં સંયમની લઘુતા અને સ્ત્રી આદિને સ્નાન વગેરે કરતી જોવાથી રાગોત્પત્તિ થાય, વગેરે દોષો જાણવા. ૨૫.

(૮૬) दगमट्टियआयाणे, बीयाणि हरियाणि अ ।
परिवज्जंतो चिट्ठिज्जा, सव्विंदियसमाहिए ॥ १-२६ ॥

વળી दगमट्टिय = જળ-માટીને (સચિત્ત વસ્તુને) आयाणे = લાવવા લઈ જવાના માર્ગને તથા (ધાન્ય-કણાદિ) બીજોને અને લીલી વનસ્પતિને

તજીને (તે ન હોય ત્યાં) सव्विदियसमाहिए = સર્વ ઈન્દ્રિયોથી સમાહિત (શબ્દાદિ વિષયોમાં આસક્તિ તજીને) ઊભો રહે. (૨૬)

**માર્ગમાં ચાલવાનો, ઘરમાં પેસવાનો અને ઊભા રહેવાનો વિધિ કહ્યો, હવે અશનાદિ લેવાનો વિધિ કહે છે-**

**(८७) तत्थ से चिट्ठमाणस्स आहरे पाणभोअणं ।**
**अकप्पिअं न गेण्हिज्जा, पडिगाहिज्ज कप्पिअं ॥ १-२७ ॥**

ત્યાં ઊભા રહેલા से = તે સાધુને (વહોરાવવા માટે) પાણી, ભોજન, आहरे = ગૃહસ્થ લાવે તેમાંથી અકલ્પ્યને ગ્રહણ ન કરે, કલ્પ્યને પ્રતિગ્રહણ કરે. (સ્વીકારે) (૨૭)

અકલ્પ્યના નિષેધથી કલ્પ્યનું વિધાન થવા છતાં પુનઃ 'કલ્પ્યને ગ્રહણ કરે' એમ કહ્યું, તેથી એમ સમજવું કે કલ્પ્યવસ્તુમાં સારા-નઠારાનો વિકલ્પ કર્યા વિના સમભાવે લેવી. 'ગેણ્હિજ્જા'ને બદલે 'ઈચ્છિજ્જા' એવો પણ પાઠ અન્ય ગ્રન્થોમાં છે. ૨૭.

(८८) आहरंती सिया तत्थ, परिसाडिज्ज भोयणं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-२८ ॥

आहरंती = આહાર-પાણીને લાવતી ગૃહસ્થ સ્ત્રી सिया = કદાચિત્ ત્યાં ભોજનને परिसाडिज्ज = વેરે-ઢોળે, તો दिंतिअं = તે દાત્રીને पडिआइक्खे = પ્રતિષેધ કરે, કે मे = મને तारिसं = તેવું (લાવતાં ઢોળાયું હોય તે) કલ્પે નહિ. (આ ગ્રહણૈષણાના દશ પૈકી દશમો છર્દિત દોષ કહ્યો.) (૨૮)

પ્રાયઃ રસોઈમાં કે દાનમાં સ્ત્રીનો અધિકાર હોવાથી અહીં સ્ત્રીને ઉદ્દેશીને કહેલું છે, છતાં ઉપલક્ષણથી વહોરાવનાર સ્ત્રી કે પુરુષ જે હોય તેને અંગે સમજવું. 'ઢોળાવાથી દોષ લાગે માટે મારે કલ્પે નહિ', એમ કહે, અને છતાં તે આગ્રહ કરે તો શાસ્ત્રોક્ત દૃષ્ટાન્ત કહીને પણ સમજાવે. તે દૃષ્ટાન્ત ટૂંકમાં આ પ્રમાણે છે-

એક મંત્રીને ત્યાં ધર્મઘોષ નામના મુનિ ભિક્ષા માટે ગયા. મંત્રીની પત્નીએ ઘી-ખાંડ મિશ્રિત ખીર

વહોરવવા પાત્ર ઉપાડ્યું. તેમાંથી એક બિન્દુ નીચે પડ્યું. તેથી અકલ્પ્ય જાણીને મુનિ પાછા ફર્યા. ગોખે બેઠેલો મંત્રી મુનિને પાછા ફરવાનું કારણ વિચારતો હતો, તે જ સમયે ખીરના બિન્દુ ઉપર માખીઓ બેઠી. તેને પકડવા ઘીરોલી આવી. તેને પકડવા કાકિંડો આવ્યો. એથી બિલાડીએ દોટ મારી અને મહેમાન આવેલા તેમની સાથેનો કૂતરો બિલાડી ઉપર તૂટી પડ્યો. એ કૂતરા ઉપર શેરીનો કૂતરો ઉછળી પડ્યો એ બન્નેને લડતા જોઈ તેના માલિકો શસ્ત્રો લઈ પોતપોતાના કૂતરાના રક્ષણ માટે દોડી આવ્યા અને પરસ્પર તેઓનું જ યુદ્ધ શરૂ થયું.

એમ એક બિન્દુ પડવાથી પરંપરાએ ઊભા થએલા આ અનર્થને જોઈ રહેલો મંત્રી સાધુને પાછા ફરવાનું કારણ સમજી ગયો અને એમના આચાર પ્રત્યે તથા એવા આચારને જણાવનારા શ્રીજિનેશ્વરો તથા જિનશાસન પ્રત્યે રાગી બન્યો. દીક્ષા લઈને તેનું નિરતિચાર પાલન કરીને તે જ ભવે મુક્ત થયો.

એમ નાના-મોટા પ્રત્યેક આચારનું પાલન બીજા ભવ્ય જીવોને ધર્મપ્રાપ્તિનું અને અતિચાર ધર્મથી વિમુખ થવાનું નિમિત્ત થાય છે. ૨૮.

(૮૯) **संमद्दमाणी पाणाणि, बीआणि हरिआणि अ ।**
**असंजमकरिं नच्चा, तारिसिं परिवज्जए ॥ १-२९ ॥**

વળી દાત્રી સ્ત્રી (આહાર લાવતાં, લેતાં, મૂકતાં) પ્રાણ (ત્રસ), બીજો (ધાન્યકણ વગેરે) અને હરિત (લીલી ધ્રો વગેરે)ને संमद्दमाणी = પગથી ખૂંદતી સ્પર્શ કરતી ચાલે તો તેને અસંયમ(હિંસા)-કારિણી नच्चा = જાણીને तारिसिं = તેવું કરનારીને તજે. અર્થાત્ ‘મારે એ રીતે લાવેલું કલ્પે નહિ’ એમ પ્રતિષેધ કરે. (આ છટ્ઠા દાયક દોષનો પ્રકાર સમજવો) (૨૯)

(૯૦) **साहट्टु निक्खिवित्ता णं, सचित्तं घट्टिआणि य ।**
**तहेव समणट्ठाए, उदगं संपणुल्लिआ ॥ १-३० ॥**

(૯૧) **ओगाहइत्ता चलइत्ता, आहरे पाणभोअणं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-३१ ॥**

समणट्ठाए = સાધુને (દાન કરવા) માટે દાત્રી साहट्टु = સંહરીને (મૂળ ભાજનમાંથી બીજા ભાજનમાં લઈને) કે બીજા ભાજનમાં निक्खिवित्ता = નાખીને (વહોરાવવા માટે ભાજન ખાલી કરીને), સચિત્તને घट्टियाणि = સંઘટ્ટીને (સ્પર્શીને) तहेव = તે જ રીતે સચિત્ત જળને (પાત્રનેં) संपणुल्लिआ = હલાવીને (૩૦) તથા વર્ષાકાળે આંગણામાં ઝીલેલા જળને ओगाहइत्ता = પોતાની પાસે લાવીને (સંઘટ્ટીને અથવા તેમાં ચાલીને), चलइत्ता = તેવા જળને હલાવીને, पाणभोअणं = આહારપાણી વગેરેને आहरे = લાવે, તો તે દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે (તે રીતે લાવેલું) કલ્પે નહિ (અહીં એષણાના દશ દોષો પૈકી નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, તથા દાયક દોષના પણ પ્રકારો જણાવ્યા છે) (૩૧)

સાધુને અર્થે સંહરણ કરતાં ૧-પ્રાસુકવસ્તુ પ્રાસુકમાં, ૨-પ્રાસુક અપ્રાસુકમાં, ૩-અપ્રાસુક પ્રાસુકમાં અને ૪-અપ્રાસુક અપ્રાસુકમાં લેવી, એમ

ચાર ભાંગા થાય, (અહીં પ્રાસુક એટલે નિર્જીવ અને અપ્રાસુક એટલે સજીવ સમજવું.) તેમાં પ્રાસુકને પ્રાસુકમાં લેવી એ પહેલો ભાંગો શુદ્ધ છે. તેના પણ ૧-થોડામાં ઘણું, ૨-થોડામાં થોડું, ૩-ઘણામાં ઘણું અને ૪-ઘણામાં થોડું લેવું, એમ ચાર પ્રકાર થાય, તેમાંનો બીજો ચોથો પ્રકાર કલ્પ્ય સમજવો. એમ અન્ય પાત્રમાં નાખીને વહોરાવતાં પણ ભાજનમાં રહેલી નહિ દેવા યોગ્ય વસ્તુને છ જીવનિકાય ઉપર નાખીને વહોરાવે, તો દોષ જાણવો.

સચિત્ત ઉંબાડિયાને કે પુષ્પાદિને સંઘટ્ટ કરવાથી પણ જીવવિરાધના થાય. સચિત્ત પાણીને સ્પર્શવાથી, હલાવવાથી, ઉપાડવાથી, કે તેની ઉપર ચાલવાથી પણ અપ્કાયની વિરાધના થાય, ૩૦મી ગાથામાં સચિત્તને સંઘટ્ટીને એમ કહેવા છતાં પાણીના વિવિધ સંઘટ્ટાને જુદો કહ્યો, તેમાં 'जत्थ जलं तत्थ वणं.' અર્થાત્ 'જયાં જયાં સચિત્ત પાણી હોય ત્યાં ત્યાં અનંતકાય નિગોદ પણ હોય જ' એવો

નિયમ હોવાથી પાણીના સંઘટ્ટથી મોટી વિરાધના થાય છે, એમ જણાવ્યું છે. આ કારણોથી ભિક્ષા માટે નીકળેલા સાધુએ એકાગ્ર (સાવધ) રહેવું જોઈએ. દાતાર વહોરાવવાની વસ્તુ ક્યાંથી-કેવી રીતે લાવે છે, કેવી ભૂમિ ઉપર ચાલે છે લાવતાં વચ્ચે શી શી વિરાધના કરે છે, કેવા ભાજનમાં લેવું-મૂકવું કરે છે, શું શું હલાવે-ચલાવે છે, ઈત્યાદિ સઘળું લક્ષ્યમાં લેવું જોઈએ અને વિરાધના ન કરે તો વહોરવું જોઈએ. ૩૧.

(१२) **पुरेकम्मेण हत्थेण, दव्वीए भायणेण वा ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-३२ ॥**

पुरेकम्मेण = પુરઃકર્મ થયું હોય તેવા હાથ વડે, તેવી दव्वीए = કડછી (ચમચા-ડોયા વગેરે) વડે, અથવા તેવા ભાજન વડે આપનારીને પ્રતિષેધ કરવો કે મારે તેવું કલ્પતું નથી, (અહીં પુરઃકર્મ દોષ તથા દશ એષણા પૈકી લિપ્ત દોષ કહ્યો છે.) (૩૨)

પહેલાં જે વસ્તુને સચિત્ત પાણી આદિથી શુદ્ધ

કરી હોય તે સાધુને નિમિત્તે ખરડાય, તો એ વિરાધનાનો દોષ સાધુને લાગે, તેને પુરઃકર્મ કહ્યું છે. માટે જ ખરડાએલા હસ્તપાત્રથી સવિશેષ દ્રવ્ય લેવાનું વિધાન છે. તેના આઠ ભાંગા ગા૦ ૩૫માં કહેવાશે. ૩૨.

(१३) **एवं-उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिया ऊसे ।**
**हरियाले हिंगुलए, मणोसिला अंजणे लोणे ॥ १-३३ ॥**

એ પ્રમાણે उदउल्ले = નીતરતા પાણીવાળા હાથ વડે, ('हत्थेण' પદ પાછળની ગાથાનું અહીં જોડવું) ससिणिद्धे = નહિ ગળતા પણ ભીંજાએલા હાથે, ससरक्खे = (પૃથ્વીકાયથી) રજથી ખરડાએલા, मट्टिया = માટીવાળા ऊसे = ઊસ (પાણીના ક્ષાર)વાળા हरियाले = હડતાલવાળા, हिंगुलए = હિંગલોકવાળા मणोसिला = મનશિલવાળા अंजणे = રસ અંજન (સુરમા) વાળા, लोणे = સમુદ્ર વગેરેમાં પકાવેલા લૂણવાળા એવા હાથ કે કડછી આદિથી વહોરાવનારને પણ નિષેધ કરવો. (૩૩)

પાણી, રજ, માટી વગેરે કોઈ પણ સચિત્તથી

ખરડાયેલા હાથ કે સાધનથી વહોરતાં તે તે જીવોની વિરાધના થાય. હડતાલ, હિંગલોક, મનશીલ, અંજન અને લૂણ, એ સર્વ સચિત્ત પૃથ્વીકાય છે. ૩૩.

(१४) गेरुअ-वन्निअ-सेढिअ, सोरट्ठिअ पिट्ठकुक्कुसकए (य)।
उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोधव्वे ॥ १-३४ ॥

(१५) असंसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा ।
दिज्जमाणं न इच्छिज्जा, पच्छाकम्मं जहिं भवे ॥ १-३५ ॥

गेरुअ = લાલ સોનાગેરુ, वन्निअ = વર્ણિકા (પીળી માટી), सेढिअ = સફેદ માટી (ચાક-ખડી આદિ), सोरट्ठिअ = સોરઠી (તુવરિકા નામની માટી-તરી ?) पिट्ठ = કાચા ચોખા વગેરેનો લોટ, અને कुक्कुस = (તુર્તના ખાંડેલા) કુકસા, એ વસ્તુઓથી कए = ખરડ કરેલા (ખરડાએલા હાથ વગેરેથી) તથા उक्किट्ठ = (કાલિંગડાં, તુંબડાં, કાકડી આદિ કાપવા શાક કરવું, અથવા આમલી આદિનાં પત્રો ખાંડવાં-વાટવાં, ઈત્યાદિ) ઉત્કૃષ્ટ ક્રિયાથી ખરડાએલા હાથ-કડછી ભાજનાદિ વડે

(વહોરાવનારને પ્રતિષેધ કરે) અથવા असंसट्ठे-संसट्ठे = નહિ ખરડાએલા અને ખરડાએલા હાથ-ભાજનાદિથી (લેવા-ન લેવાનો વિધિ) चेव = નિશ્ચે बोधव्वे = જાણવા યોગ્ય છે. (૩૪) जहिं = જેમાં पच्छाकमं = પશ્ચાત્કર્મ भवे = થવાનો સંભવ હોય, તેવા असंसट्ठेण = નહિ ખરડાએલા પણ હાથ, કડછી કે વાટકીથાળી આદિ ભાજન વડે दिज्जमाणं = દેવાતા દાનને ન ઈચ્છે. (૩૫)

ગુરુ, વર્ણિકા, ચાક-ખડી, તુવરિકા, એ સર્વ સચિત્ત પૃથ્વીકાય છે. તુર્તના દળેલા લોટ કે ખાંડેલાના કુકસા મિશ્ર છે. ઉત્કૃષ્ટ ક્રિયામાં વનસ્પતિકાયથી હાથ વગેરે ખરડાએલા હોવાથી તે પણ મિશ્ર હોય, એ કારણે નિષેધ સમજવો. સાધુને દાન દેવા ખરડેલા હાથ-પાત્ર વગેરેને વહોરાવ્યા પછી ધોવા-ઉટકવામાં સચિત્ત પાણી આદિ વપરાતાં વિરાધના થાય, તેથી 'પશ્ચાત્કર્મ' દોષ લાગે, માટે નિષેધ સમજવો,

એની અષ્ટભંગી આ પ્રમાણે થાય છે. (જુઓ કોષ્ટક પાછળ) એમાં સંસૃષ્ટ એટલે ખરડાએલું, અસંસૃષ્ટ એટલે નહિ ખરડાએલું, સવિશેષ એટલે અસમ્પૂર્ણ વસ્તુ લેવી અને નિરવશેષ એટલે સમ્પૂર્ણ વસ્તુ લેવી. તેમાં ૧-૩-૫-૭ ભાંગા કલ્પ્ય અને શેષ અકલ્પ્ય છે. તેમાં પણ પહેલો સર્વથા શુદ્ધ અને છેલ્લો સર્વથા અશુદ્ધ છે. ત્રીજા પાંચમા સાતમામાં હાથ પાત્ર અસંસૃષ્ટ છતાં વહોરવાની વસ્તુ સમ્પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| ૧ | સં૦હાથ | સં૦પાત્ર | સવિશેષ દ્રવ્ય |
| ૨ | સં૦હાથ | સં૦પાત્ર | નિરવશેષ દ્રવ્ય |
| ૩ | સં૦હાથ | અસં૦પાત્ર | સવિશેષ દ્રવ્ય |
| ૪ | સં૦હાથ | અસં૦પાત્ર | નિરવશેષ દ્રવ્ય |
| ૫ | અસં૦હાથ | સં૦પાત્ર | સવિશેષ દ્રવ્ય |
| ૬ | અસં૦હાથ | સં૦પાત્ર | નિરવશેષ દ્રવ્ય |
| ૭ | અસં૦હાથ | અસં૦પાત્ર | સવિશેષ દ્રવ્ય |
| ૮ | અસં૦હાથ | અસં૦પાત્ર | નિરવશેષ દ્રવ્ય |

નહિ વહોરવાથી, પાત્ર-હાથ તુર્ત ધોવાનો સંભવ ન હોવાથી કલ્પ્ય સમજવું. બન્ને ગાથામાં ભાવ એ છે કે દાન લેતાં કે લીધા પછી પૃથ્વીકાયાદિની વિરાધના થાય તેવું ન લેવું. ૩૫.

(१६) **संसट्ठेण य हत्थेण, दव्वीए भायणेण वा ।**
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥ १-३६ ॥**

સંસૃષ્ટ (ગૃહસ્થે પોતાના અર્થે ખરડેલા) હાથ, કડછી કે વાટકી આદિ પાત્રથી दिज्जमाणं = દેવાતું હોય तत्थ = તેમાં પણ जं = જે एसणिय = શુદ્ધ (સંસૃષ્ટ દોષ સિવાય પણ આધાકર્મ વગેરે) દોષોથી રહીત હોય તેને पडिच्छिज्जा = ગ્રહણ કરે (આ ચાર ગાથાઓમાં પશ્ચાત્કર્મ અને લિપ્ત દોષ જણાવ્યો.) (૩૬)

(१७) **दुण्हं तु भुंजमाणाणं, एगो तत्थ निमंतए ।**
**दिज्जमाणं न इच्छिज्जा, छंदं से पडिलेहए ॥ १-३७ ॥**

(१८) **दुण्हं तु भुंजमाणाणं, दो वि तत्थ निमंतए ।**
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥ १-३८ ॥**

दुण्हं भुंजमाणाणं = જેના બે પાલક (માલિક) હોય, તે વસ્તુ દેવા એક નિમંત્રણ કરે તો તે दिज्जमाणं = અપાતું લેવા ઇચ્છવું નહિ. કિન્તુ से = તે બીજાની छंदं = ઈચ્છાને पडिलेहए = જોવી. જો 'બીજો પણ આપવા ઈચ્છે છે' એમ તેના મુખ-નેત્રાદિના વિકારથી સમજાય તો લેવું, અન્યથા ન લેવું. (૩૭) બે પાલક (માલિક) હોય, બન્ને નિમંત્રણ કરે, તે દાનમાં પણ દોષ રહિત-એષણીય હોય તે લેવું. (આ અનિસૃષ્ટ દોષ જણાવ્યો) (૩૮)

ઈચ્છા વિના લેવાથી અપ્રીતિ થાય, તેથી બન્નેને કર્મબંધ થાય. અહીં 'भुज्' ધાતુના અર્થ પાલન અને ભોજન બે થતા હોવાથી બે સાથે ભોજન કરતા હોય, કે ભોજન માટે તૈયારીવાળા હોય તેના માટે પણ એ જ વિધિ સમજવો. ૩૮.

(११) **गुव्विणीए उवन्नत्थं, विविहं पाणभोअणं ।**
**भुंजमाणं विवज्जेज्जा, भुत्तसेसं पडिच्छए ॥ १-३९ ॥**

गुव्विणीए = ગર્ભવતી માટે उवन्नत्थं =

કલ્પેલું (તેના માટેનું વિવિધ પાન-ભોજન દ્રાક્ષ પાણી કે સાકર, ખાજાં વગેરે) भुंजमाणं = જે તેને ખાવાનું (અભિલષિત) હોય તેને તજવું, भुत्तसेसं = ખાતાં વધેલું શુદ્ધ હોય તે લેવું. (૩૯)

ઈચ્છા અપૂર્ણ રહેવાથી ગર્ભને પીડા-પાત થાય, વગેરે દોષો સંભવિત છે. તેની ઈચ્છા પૂર્ણ થયા પછી તે દેવા ઈચ્છે, તો લેવાથી તેને અનુગ્રહ-ઉપકાર થાય માટે કલ્પ્ય છે. ૩૯.

**(१००) सिया य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।**
**उट्ठिआ वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए ॥ १-४० ॥**

**(१०१) त भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-४१ ॥**

सिया = કદાચિત્ कालमासिणी = પ્રસૂતિ-કાળના નવમા મહિનાવાળી ગર્ભવતી समणट्ठाए = સાધુને માટે (દાન આપું, એ ઈચ્છાથી) ઊભી હોય તો નીચે બેસે, અથવા બેઠેલી હોય તો पुणुट्ठए = પુનઃ ઊઠે-ઊભી થાય, (૪૦) તો તેના બેસવા

ઊઠવાથી ગર્ભને પીડા થવાનો દોષ દાન લેવાથી સાધુને લાગે, માટે તેવું ભોજન-પાણી संजयाण = જિનાજ્ઞાપાલક સાધુઓને અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરે કે મને તેવું કલ્પતું નથી. (આ દાયક દોષનો ગર્ભિણી નામનો પ્રકાર કહ્યો.) (૪૧)

વૃદ્ધસંપ્રદાય એવો છે કે ગચ્છવાસી (સ્થવિરકલ્પી) સાધુને બેઠેલી કે ઊભી જે અવસ્થામાં હોય તે અવસ્થામાં આપે તો કાલ માસમાં પણ કલ્પે. તે પહેલાનાં માસમાં બેસે-ઊઠે તો પણ દોષ નથી. જિનકલ્પિક તો વિશિષ્ટ જ્ઞાનને યોગે ગર્ભાધાન દિવસને જાણી શકે, માટે પહેલા દિવસથી જ તે ગર્ભવતીના હાથે દાન ન લે. ૪૧.

(૧૦૨) थणगं पिज्जएमाणी, दारगं वा कुमारिअं ।
तं निक्खिवित्तु रोअंतं, आहरे पाणभोअणं ॥ १-४२ ॥

(१०३) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-४३ ॥

दारगं = પુત્રને, कुमारिअं = પુત્રીને, કે

वा = નપુંસક-બાળકને थणगं पिज्जएमाणी = સ્તનપાન કરાવતી સ્ત્રી પુત્રાદિને रोअंतं = રડતું निक्खिवित्तु = મૂકીને આહાર કે પાણી લાવે (૪૨) તે આહાર પાણી સંયતોને અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે તેવું કલ્પતું નથી. (આ બાલવત્સા નામનો દાયકદોષનો પ્રકાર કહ્યો.) (૪૩)

બાળકને રડવામાં નિમિત્ત બનવાથી સાધુને કર્મબંધ થાય, વળી તે અસ્થિરતાથી પડી જાય, કે નજીકમાં જન્મેલું હોય તો માંસાહારી બિલાડાં-કૂતરાં વગેરે તેને ખેંચી જાય, ઈત્યાદિ દોષો સમજવા.

અહીં વૃદ્ધસંપ્રદાય એવો છે કે-ગચ્છવાસી સાધુ કેવળ સ્તનપાનથી જીવતા બાળકને માતા ધાવતો છોડીને વહોરાવે તો ન વહોરે, ભલે પછી તે રડે કે ન રડે. ધાવણ સાથે આહાર લેતો હોય તેવો બાળક જો મૂકીને વહોરાવતાં રડે તો ન વહોરે, ન રડે તો વહોરે અને કેવળ સ્તનપાનજીવી ધાવતો ન હોય ત્યારે નીચે મૂકીને વહોરાવતાં રડે તો ન

વહોરે, અને ન રડે તો વહોરે.

જિનકલ્પિકાદિ તો કેવળ સ્તનપાનજીવી બાળક ધાવતો હોય કે નહિ, અને રડે કે ન રડે, પણ તેની માતાના હસ્તે ન વહોરે. ધાવણ સાથે આહાર લેતો બાળક પણ ધાવતો નીચે મૂકતાં તે રડે કે ન રડે પણ ન વહોરે અને ધાવણ છોડી દીધું હોય તેવા આહારથી જીવતા બાળકને પણ નીચે મૂકતાં તે રડે તો ન વહોરે - ન રડે તો જ વહોરે. ૪૩.

**(૧૦૪) जं भवे भत्तपाणं तु, कप्पाकप्पंमि संकिअं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-४४ ॥**

જે આહાર કે પાણી कप्पाकप्पंमि = કલ્પ્ય-અકલ્પ્ય વિષયમાં संकिअं = શંકાવાળું હોય, તેની દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી. (આ શક્તિદોષ કહ્યો.) (૪૪)

જાણી ન શકે કે આ ઉદ્ગમાદિ દોષવાળું છે કે નિર્દોષ છે, ત્યાં સુધી તે શંકિત જાણવું. શંકા છતાં લેવાથી નિર્દોષ હોય તો પણ, જે દોષની શંકાપૂર્વક

લે તે દોષ લાગે. ૪૪.

(૧૦૫) दगवारेण पिहिअं, नीसाए पीढएण वा ।
लोढेण वा विलेवेण, सिलेसेण व केणइ ॥ १-४५ ॥

(૧૦૬) तं च उब्भिदिउं दिज्जा, समणट्ठा एव दावए ।
दिंतिअ पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-४६ ॥

दगवारेण = પાણી ભરેલા ઘડાથી (પાત્રથી), नीसाए = વાટવાના સાધનભૂત પત્થરની નીશાથી, पीढणए = કાષ્ઠના પાટલાદિથી, लोढेण = શિલાપુત્રથી, (નીસાતરાથી) लेवेण = માટી છાણ વગેરે લેપથી, केणइ व = અથવા કોઈ (લાખ મળી વગેરે) सिलेसेण = ચીકાશથી દાન દેવાની વસ્તુને કે વસ્તુ જેમાં હોય તે પાત્રને पिहिअं = ઢાંક્યુ કે લીંપ્યું હોય, (૪૫) અને તેને સાધુને અર્થે જ उब्भिदिउं = ઉઘાડીને કે ઉખાડીને दावए = દાયક दिज्जा = આપે, તે દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે તેવું કલ્પતું નથી. (આ ઉદ્‌ભિન્ન દોષ કહ્યો.) (૪૬)

સચિત્તથી ઢાંકેલું લેતાં સંયમવિરાધના,

પત્થર-પાટલો આદિ પડી જતાં શરીર વિરાધના અને લીંપેલાને લેવાથી પૂર્વકર્મ-પશ્ચાત્કર્મ વગેરે દોષો જાણવા. ૪૬.

(૧૦૭) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जंजाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं ॥ १-४७ ॥

(१०८) तं भवे भत्तपाणं तु, संजयाण अकंप्पिअं ।
दिंतिअ पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-४८ ॥

અશન, પાણી, ખાદિમ તથા સ્વાદિમ, જે જે આમન્ત્રણ કરનારના બોલવા વગેરેથી કે બીજા કોઈ દ્વારા સાંભલીને જાણે કે इमं = આ दाणट्ठा = દાન માટે पगडं = કરેલું છે, (૪૭) તે ભક્ત અને પાણી સંયતને અકલ્પ્ય કહ્યું છે, માટે દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું ન કલ્પે. (આ ઔદ્દેશિકદોષનો પ્રકાર જાણવો.) (૪૮)

કોઈએ કીર્તિ મેળવવા સંન્યાસી, ભીખારી, વટેમાર્ગુ વગેરેને માટે તૈયાર કરવાથી ઔદ્દેશિક દોષ, આપવા માટે મૂકી રાખવાથી સ્થાપના દોષ

અને ઇતર ભિક્ષુકોને ન મળવાથી કે ઓછું મળવાથી અપ્રીતિ થાય, વગેરે દોષો જાણવા. 'અશન' = જેનાથી ક્ષુધા શમે તેવો આહાર, 'પાન' = તૃષા છીપે તેવાં વિવિધ પાણી, 'ખાદિમ' = સૂકાં શેકેલાં ભુંજેલાં અનાજ તથા ફળ, મેવો વગેરે અને 'સ્વાદિમ' = સ્વાદના ઉદ્દેશથી ખવાતી વસ્તુઓ ચૂર્ણાદિ સમજવું.

(१०९) **असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।**
**जंजाणिज्ज सुणिज्जा वा, पुण्णट्ठा पगड इमं ॥ १-४९ ॥**

(११०) **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**
**दिंतिअं पडिआइक्खे न मे कप्पइ तारिसं ॥ १-५० ॥**

અર્થ ઉપર પ્રમાણે જાણવો. માત્ર કોઈના મરણાદિ પછી ભિક્ષુકોને કે પશુઓને ખવરાવવારૂપ પુણ્ણટ્ઠ = પુણ્ય માટે, (દોષો પણ ઉપર પ્રમાણે જાણવા) (૪૯-૫૦)

અહીં પ્રશ્ન થાય કે-આ નિષેધથી તો ઉત્તમઘરોમાં આહારાદિ ન લેવાય, કારણ કે

શિષ્ટપુરુષો પુણ્યના અર્થી હોય છે, બીજા ક્ષુદ્રોની જેમ આત્મંભરી હોતા નથી. એનો ઉત્તર એ છે કે શુભ (ઉદાર) પરિણામથી પોતાના, કુટુંબના અને નોકર-ચાકર આદિ માટે તૈયાર કરેલામાંથી અમુક પ્રમાણમાં ઈચ્છાનુસાર આપે તે લેવાનો નિષેધ નથી. પુણ્યાર્થે અધિક કર્યું હોય તેનો અહીં નિષેધ કર્યો છે. ઉદારપ્રકૃતિવાળો ઔદાર્યથી સ્વપ્રયોજને તૈયાર કરેલી વસ્તુને પુણ્યકર્મ સમજીને નિત્ય આપે તેમાં આપવા માટે આરંભ થતો નથી. ઉદ્દેશપૂર્વકનો આરંભ તો અમુક દિવસે દાનના ઈરાદે તૈયાર કરવાથી થાય માટે તે નિષેધ છે. આથી એમ પણ નહિ કહી શકાય કે ઉદ્દેશ વિનાનું દાન કદી મળે જ નહિ. વગેરે સમાધાન અષ્ટપ્રકરણાદિમાંથી જોવું. ૫૦.

(१११) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जंजाणिज्ज सुणिज्जा वा, वणिमट्ठ पगडं इमं ॥ १-५१ ॥

(११२) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-५२ ॥

અર્થ ઉપર પ્રમાણે, માત્ર वणिमट्ठा = કૃપણોને માટે. (દોષો પણ ઉપર પ્રમાણે.) (૫૧-૫૨)

(११३) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
जंजाणिज्ज सुणिज्जा वा, समणट्ठा पगडं इमं ॥ १-५३ ॥

(११४) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-५४ ॥

અર્થ ઉપર પ્રમાણે. માત્ર समणट्ठा = શ્રમણોને માટે. (દોષો પણ ઉપર પ્રમાણે.) (૫૩-૫૪)

શાસ્ત્રોમાં શ્રમણો પાંચ કહ્યાં છે. ૧-નિર્ગ્રન્થ, ૨-શાક્યમતવાળા, ૩-તાપસો, ૪-ગૈરિક (રાતાં વસ્ત્રવાળા) અને ૫-આજીવકમતાનુયાયી. એ કોઈને માટે કરેલું હોય તે શ્રમણોને માટે કરેલું સમજવું. ૫૪.

(११५) उद्देसियं कीअगडं, पूइकम्मं च आहडं ।
अज्झोअरपामिच्चं, मीसजायं वि वज्जए ॥ १-५५ ॥

उद्देसियं = ઔદેશિક, कीअगडं = ખરીદેલું, पूइकम्मं = દોષિત વસ્તુના અંશવાળું, आहडं = સામે લાવેલું, अज्झोअर = અધ્યવપૂરક-પાછળથી

અધિક નાખીને તૈયાર કરેલું, **पामिच्चं** = ઉછીનું લાવેલું અને **मीसजायं** = (પ્રથમથી અધિક નાખીને) ભેગું બનાવેલું, એ પ્રત્યેક સાધુને માટે કરેલું **वज्जए** = વર્જવું. (આ સોળ ઉદ્‌ગમ દોષો પૈકીના દોષો કહ્યા. (૫૫)

આ દરેક દોષોનું વિશેષ વર્ણન ધર્મસંગ્રહ ભાષાન્તરભાગબીજાના પૃ. ૧૦૮થી જોઈલેવું. ૫૫.

**(११६) उग्गमं से अ पुच्छिज्जा, कस्सट्ठा केण वा कडं ।**
**सुच्चा निस्संकियं सुद्धं, पडिगाहिज्ज संजए ॥ १-५६ ॥**

પૂર્વે શક્તિ લેવાનો નિષેધ કર્યો તેમાં વિશેષ કહે છે કે-**से** = તે દાત્રીને (આહારાદિની) **उग्गमं** = ઉત્પત્તિને પૂછે કે **कस्सट्ठा** = કોને અર્થે **केण व** = અથવા કોણે **कडं** = તૈયાર કરેલું છે ? **सुच्चा** = તેનો ઉત્તર સાંભળીને શંકા વિનાનું શુદ્ધ લાગે,તો સંયત-સાધુ તેને ગ્રહણ કરે. (૫૬)

જો કે ગોચરી ગએલા સાધુને ઉત્સર્ગથી ગૃહસ્થાદિની સાથે વાતો કે ઉપદેશ કરવાનો નિષેધ

છે, તો પણ આહારશુદ્ધિ માટે જરૂરી બેસવા પૂછવામાં દોષ નથી. ૫૬.

(૧૧૭) असणं पाणग वा वि, खाइमं साइमं तहा ।
पुप्फेसु हुज्ज उम्मीसं, बीएसु हरिएसु वा ॥ १-५७ ॥

(११८) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-५८ ॥

અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પૈકી કોઈ પણ દેવાની વસ્તુ જાઈ-જાુઈ આદિ કોઈ સચિત્તપુષ્પોની સાથે, ધાન્યના કણીઆ વગેરે બીજોની સાથે, કે કોઈ પણ લીલી વનસ્પતિ સાથે उम्मीसं = મિશ્ર થએલી (ભળેલી) હોય, (૫૭) તો તેવું ભક્ત પાન સાધુઓને અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરવો કે મારે તેવું કલ્પતું નથી. (આ એષણાના દશ દોષો પૈકી 'ઉન્મિશ્ર' દોષ કહ્યો.) (૫૭-૫૮)

(११९) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
उदगम्मि हुज्ज निक्खित्त, उत्तिंग-पणगेसु वा ॥ १-५९ ॥

(१२०) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-६० ॥

અર્થ ઉપર પ્રમાણે, માત્ર उदगम्मि = સચિત્ત પાણી ઉપર, उर्त्तिग = કીડીનાં નગરાં અને पणगेसु = લીલ-ફુગ ઉપર, निक्खित्तं = મૂકેલું, એમ સમજવું. (આ નિક્ષિપ્ત દોષ કહ્યો.) (૫૯-૬૦)

અહીં અનંતર અને પરંપર એમ મૂકવાના બે ભેદો છે. તેમાં પાણીમાં તરતું મૂકેલું માખણ, ઘી વગેરે અનંતર અને પાણીના ઘડા ઉપર મૂકેલું દહીંનું પાત્ર વગેરે પરંપર નિક્ષિપ્ત એ પ્રમાણે કીડીનગર, લીલ-ફુગ વગેરેમાં પણ સમજવું. એના ઉપલક્ષણથી દેનાર કે દેવાની વસ્તુ પણ પાણી આદિને સ્પર્શતી હોય તે અકલ્પ્ય જાણવી. ૬૦.

(१२१) असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
तेउम्मि हुज्ज निक्खित्त, तं च संघट्टिआ दए ॥ १-६१ ॥

(१२२) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-६२ ॥

અર્થ ઉપર પ્રમાણે, માત્ર तेउम्मि = અગ્નિકાય ઉપર અને तं च संघट्टिआ दए = દાત્રી તેને (અગ્નિને) સંઘટ્ટીને આપે તો, એમ અર્થ કરવો. (દોષો ઉપર પ્રમાણે) (૬૧-૬૨)

અહીં પણ સગડી વગેરે ઉપર મૂકેલું, કે સળગતાં કાષ્ઠ, સળગતી છૂટી સગડી. વગેરેને સ્પર્શતું પણ અકલ્પ્ય સમજવું. સાધુને વહોરાવતાં સગડી ઉપર મૂકેલી વસ્તુ ઊભરાઈ જવાના ભયથી દાત્રી અગ્નિ મંદ કરવા સંઘટ્ટ કરે, ઈત્યાદિ સંઘટ્ટવાનાં અનેક કારણો જાણવાં. ૬૨.

(१२३) **एवं-उस्सक्किया ओसक्किया,**

**उज्जालिआ पज्जालिआ निव्वाविआ ।**

**उस्सिंचिया निस्सिंचिया,**

**उव्वत्तिया ओयारिया दए ॥ १-६३ ॥**

(१२४) **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।**

**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-६४ ॥**

એ પ્રમાણે સાધુને નિમિત્તે દાત્રી અગ્નિ મંદ

પડવાના ભયે તેમાં उस्सक्किया = બીજાં કાષ્ઠાદિ નાખીને, તાપ અધિક હોય તો ओसक्किया = સળગતા કાષ્ઠાદિને ખેંચી લઈને, અથવા બૂઝાતો હોય તો उज्जालिया = એક વાર (ઈંધનાદિ નાખીને) સળગાવીને, કે पज्जालिआ = વારંવાર (ઈન્ધનાદિથી) પ્રજ્વલિત કરીને, (અથવા વસ્તુ બળી જવાના ભયે) निव्वाविआ = (સ્ટવ કે ચુલ્લી વગેરેને) બૂઝાવીને-ઓલવીને, તથા અધિક (ઊભરાય તેમ હોવાથી, કે દાન દેવા માટે, ચુલ્લી ઉપરની વસ્તુમાંથી) उस्सिचिया = થોડું કાઢી લઈને, કે ઊભરાવાના ભયે અગ્નિમાં, ઉપર મૂકેલી વસ્તુમાં કે હાથમાં લીધેલી વસ્તુમાં, ચુલ્લી ઉપરનું કે બીજું પાણી निस्सिचिआ = સિંચન કરીને, અથવા ચુલ્લી ઉપરથી ભાજન કે તેમાંથી વસ્તુ લઈને, અથવા બળી જવાના ભયે કે દેવા માટેની ઉપરની વસ્તુ નીચે ઉતારીને, એમ કોઈ પ્રકારે અગ્નિને સ્પર્શીને કે વિરોધીને दए = આપે, (૬૩) તો તે ભક્ત-પાન

સંયતોને અકલ્પ્ય થાય, માટે દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી. (૬૪)

(१२५) **हुज्ज कट्ठं सिलं वा वि, इट्टालं वा वि एगया ।**
**ठविअं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥ १-६५ ॥**

(१२६) **न तेण भिक्खू गच्छिज्जा, दिट्ठो तत्थ असंजमो ।**
**गंभीरं झूसिरं चेव, सव्विदिअसमाहिए ॥ १-६६ ॥**

ગૃહસ્થે વર્ષાઋતુ આદિ एगया = કોઈ એક કાળે (ઘર કે આંગણામાં ખાઈ-ખાડા-ટેકરા ઉપર) संकमट्ठाए = ચાલવા માટે कट्ठ = કાષ્ઠ (પાટીઉં વગેરે) કે सिलं = શિલા (પત્થર વગેરે), इट्टालं वा = અથવા ઈંટ (ઈટાળો વગેરે) ठविअं हुज्ज = મૂક્યું હોય, तं च = અને તે चलाचलं = અસ્થિર હાલતું ચાલતું હોય તો (૬૫) तेण = ચે માર્ગે (ઉપર પગ મૂકીને) સર્વ ઈન્દ્રિઓના વિષયમાં समाहिए = રાગાદિ રહિત એવો સાધુ ન ચાલે, કારણ કે तत्थ = ત્યાં ત્રસાદિ જીવોની વિરાધનારૂપ અસંયમ થવાનો સંભવ दिट्ठो = જ્ઞાનીઓએ જાણ્યો

છે. चेव = અને એ રીતે गंभीरं = ઊંડી (પ્રકાશ વિનાની) તથા झूसिरं = પોલી (અંદરથી ખવાઈ ગએલી) ભૂમિ ઉપર કે ત્યાં મૂકેલી સ્થિર વસ્તુ ઉપર પણ ન ચાલે, ઉપલક્ષણથી એવા રાજમાર્ગે પણ ન ચાલે. (૬૬)

(१२७) **निस्सेणिं फलगं पीढं, उस्सवित्ताणमारुहे ।**
**मंचं कीलं च पासायं, समणट्ठा एव दावए ॥ १-६७ ॥**

(१२८) **दुरुहमाणी पवडिज्जा, हत्थं पायं व लूसए ।**
**पुढवीजीवे वि हिंसिज्जा, जे अ तन्निस्सिआ जगे ॥ १-६८ ॥**

समणट्ठा एव = સાધુને માટે જ दावए = દાન દેનાર निस्सेणिं = નિસરણી, કે फलगं = પાટિયાને, पीढं = પાટલા વગેરેને, मंचं = માંચાને, કે कीलं = (કાષ્ઠની વળી વગેરે) ખીલાને उस्सवित्ता = ઊભું કરીને पासायं = પ્રાસાદ (માળ-મેડા વગેરે) ઉપર आरुहे = ચઢે, તો તે રીતે દેવાતું દાન સાધુને ન કલ્પે. (૬૭) કારણ કે-दुरुहमाणी = દુઃખપૂર્વક ચઢતી (દાત્રી કે તે નિસરણી આદિ)

पवडिज्जा = પડે, અથવા હાથ કે પગ વગેરે लूसए = ભાગે, તથા पुढवीजीवे = પૃથ્વી કાયાદિ જીવોને जे अ = તથા જે तन्निस्सिआ = ત્યાં નિશ્રિત (રહેલા) હોય તે जगे = ત્રસાદિ પ્રાણીઓને, वि हिंसिज्जा = પણ હણે. (૬૮)

**(१२१) एआरिसे महादोसे, जाणिऊण महेसिणो ।**

**तम्हा (हंदि) मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया**

**॥ १-६९ ॥**

તે માટે એવા (ઉપર કહ્યા તેવાતે) મોટા દોષોને જાણીને સંયત મહર્ષિઓ નિશ્ચે मालोहडं = માલાપહૃત દોષવાળી ભિક્ષાને ગ્રહણ કરતા નથી. (આ ત્રણ ગાથાઓમાં માલાપહૃતદોષ કહ્યો.) (૬૯)

માલ એટલે માળિયું, તેમાંથી લઈને વહોરાવવું તે 'માલાપહૃત' કહેવાય. તેના ૧-ઊંચા થઈને છાજલી-શીંકા વગેરેમાંથી લેવું પડે તે ઊર્ધ્વસ્થિત, ૨-નીચે ભોંયરા વગેરેમાંથી નીચા નમીને લેવું પડે તે અધોસ્થિત, ૩-ઊંચા કોઠારાદિમાં

લેતાં પગથી ઊંચા અને મસ્તકથી નીચા થઈને લેવું પડે તે ઉભયસ્થિત, તથા ૪-તિર્છું (ગોખ-ભીંત-કબાટ વગેરેમાં) મૂકેલું છતાં લેતાં મુશ્કેલી પડે તેવું તિર્યક્સ્થિત કહેવાય. એ ચારે ભેદો વર્જવા. ૬૯.

(१३०) **कंदं मूलं पलंबं वा, आमं छिन्न च सन्निरं ।**
**तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥ १-७० ॥**

कंदं = (સૂરણાદિ સર્વ) કંદો, मूलं = (સર્વ) મૂળિયા, पलंबं = તાડનું ફળ (વગેરે), आमं छिन्नं च सन्निरं = કાચું કે કાપેલું પત્રશાક (ભાજી), तुंबागं = તુંબડું (કે અન્ય મતે લીલી તુલસી) सिंगबेरं = લીલું આદુ, એ દરેક आमगं = કાચાં-સચિત્ત (તથા મિશ્રને પણ) વર્જવાં. (આ અપરિણત દોષ કહ્યો.) (૭૦)

કંદ-મૂલ વગેરે અનંતકાયિક હોવાથી, ભાજી વગેરે સચિત્ત હોવાથી અને તેમાં ત્રસજીવોની પણ સંભાવના હોવાથી નિષેધ કર્યો છે. ૭૦.

(१३१) **तहेव सत्तुचुन्नाइं, कोलचुन्नाइं आवणे ।**
**सक्कुलिं फाणिअं पूअं, अन्नं वा वि तहाविहं ॥ १-७१ ॥**

(१३२) विक्कायमाणं पसढं, रएण परिफासिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-७२ ॥

તે જ રીતે આવણે = રસ્તામાં દુકાને सत्तुचुन्नाइं = શેકેલો ઘઉં-ચણાનો લોટ (સાથવો), कोलचुन्नाइं = બોરનું ચૂર્ણ (બોરકુટો) सक्कुलिं = તલસાંકળી फाणियं = ઢીલો (પ્રવાહી) ગોળ વગેરે, पूअं = પૂરીઓ, तहाविहं वा अन्नं = અથવા તેવું બીજું (હરકોઈ મિષ્ટાન્ન-લાડુ વગેરે) (૭૧) विक्कायमाणं = (રસ્તામાં-દુકાનોમાં) વેચાતું, पसढं = ઘણા દિવસ પ્રગટ (ઢાંક્યા વિના) રાખેલું અને તેથી रएण परिफासिअं = માર્ગની રજથી સ્પર્શિત થએલું (સચિત્ત રજવાળું) એવું દાન દેનારીને પ્રતિષેધ કરે, કે મારે તેવું કલ્પતું નથી. (૭૨)

તૈયાર કર્યાને ઘણા દિવસો થવાથી વર્ણાદિ બદલાતાં અભક્ષ્ય થયું હોય, ઈત્યાદિ વિવિધ દોષોનો સંભવ યથામતિ વિચારવો. ૭૨

(१३३) बहुअट्ठिअं पुग्गल, अणिमिस वा बहुकंटयं ।
अत्थियं तिंदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥ १-७३ ॥
(१३४) अप्पे सिया भोयणजाए, बहुउज्झियधम्मिए ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-७४ ॥

बहुअठिअं = ઘણા ઠળિયાવાળું (સીતાફળાદિ) पुग्गलं = પુદ્ગલ (ફળ), અથવા अणिमिसं = એ નામનું ફળ, અથવા बहुकंटयं = ઘણા કાંટાવાળું ફળ, अत्थियं = અસ્થિકવૃક્ષનું (અગથીયાનું) ફળ, तिंदुयं = તિંદુકવૃક્ષનું ફળ, बिल्लं = બીલીનું ફળ, उच्छुखंडं = શેરડીના કકડા, सिंबलिं = શાલ્મલી (વાલ વગેરેની) ફળીઓ, વગેરે અચિત્ત હોય તો પણ (૭૩) अप्पे = અલ્પ भोअणजाए = ખાવાનું અને बहु = ઘણું उज्झियधम्मिए = છોડી દેવા (પરઠવવા) યોગ્ય सिया = હોય, તેવું દેનારી બાઈને પ્રતિષેધ કરે, કે મારે એવું કલ્પતું નથી. (૭૪)

જો કે પુદ્ગલનો માંસ અને અનિમિષનો માછલું એવો અર્થ થાય છે. છતાં સૂક્ષ્મજીવની પણ

વિરાધના સર્વથા તજેલી હોવાથી લેતાં-મૂકતાં-હાલતાં-ચાલતાં, કે કોઈ પ્રવૃત્તિ કરતાં જેઓ કોઈ જીવની મનથી પણ હિંસા ઈચ્છતા નથી, તેવા સાધુઓ પંચેન્દ્રિય જીવોના ઘાત વિના જેવો સંભવ નથી જ, તેવું માંસ કે જીવતું માછલું લેવા ઈચ્છે, એવી કલ્પના કરવી તે પણ બુદ્ધિની એક ભારે હાંસી છે-વિડંબના છે.

હજારો વર્ષોથી નિષ્પક્ષ અને સમર્થજ્ઞાની ગ્રન્થકારો જે શબ્દોનો અર્થ તે તે વનસ્પતિનાં ફળરૂપે કરે છે, તેનો વિરુદ્ધ અર્થ કરવો તે માધ્યસ્થ્ય નહિ પણ પરમતઅસહિષ્ણતાનું કે જડબુદ્ધિનું પરિણામ ગણાય. જેમ મનુષ્યનાં હાડકાંને અસ્થિક અને શરીરને પુદ્‌ગલ કહેવાય છે, તેમ વનસ્પતિના ઠળિયાને અસ્થિક અને તે શરીરરૂપ ફળને પુદ્‌ગલ કહેવાય, એ સાદી સમજમાં આવે તેવી વાત છે. વળી પરઠવવા જેટલી 'અલ્પ પણ હિંસા ન કરવી' તેવું જણાવનારી આ જ ગાથાના શબ્દોનો હિંસાજન્ય

માંસ અને મત્સ્ય વગેરે અર્થ કરવો તે કેમ ઘટી શકે ? આવી કલ્પના વસ્તુતઃ ધર્મ, ધર્મી કે જ્ઞાનીઓ પ્રત્યેનો પૂજ્યભાવ ઓછો હોવાથી તેઓના અછતા દોષોનું ઉદ્‌ભાવન કરવારૂપ છે. પોતે દોષો સેવીને નિર્દોષમાં ખપવાનો એક ક્ષુદ્ર પ્રયાસ છે.

કોઈ પણ શાસ્ત્રનો અર્થ કેવળ શબ્દને અનુસરીને કરવાથી સાચો થઈ શકે નહિ. પણ 'सिद्धस्य गतिश्चिन्तनीया' એ ન્યાયે ગ્રંથકારનો આશય સિદ્ધ થાય તેમ વાક્ય, પ્રકરણ અને સમગ્રશાસ્ત્રને સંમત તાત્પર્યાર્થને સત્ય માનવો જોઈએ. ૭૪.

**અહીં સુધી અશનનો વિધિ કહીને હવે પાણીનો વિધિ કહે છે-**

**(१३५) तहेवुच्चावयं पाणं, अदुवा वारधोवणं ।**
**संसेइमं चाउलोदगं, अहुणाधोअं विवज्जए ॥ १-७५ ॥**

**(१३६) जं जाणिज्ज चिरा धोयं, मईए दंसणेण वा ।**
**पडिपुच्छिऊण सुच्चा वा, जं च निस्संकियं भवे ॥ १-७६ ॥**

( १३७ ) अजीवं परिणयं नच्चा, पडिगाहिज्ज संजए ।
अह संकिअं भविज्जा, आसाइत्ता णं रोअए ॥ १-७७ ॥
( १३८ ) थोवमासायणट्ठाए, हत्थगंमि दलाहि मे ।
मा मे अच्चंबिलं पूअं, नालं तण्हं विणित्तए ॥ १-७८ ॥
( १३९ ) तं च अच्चिंबिलं पूअं, नालं तण्हं विणित्तए ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ १-७९ ॥

(જે રીતે ઉપર અશન માટે કહ્યું) तहेव = તે રીતે उच्चावयं = (જેના વર્ણાદિ ઉત્તમ હોય તે દ્રાક્ષા વગેરેનું શ્રેષ્ઠ) ઉચ્ચ અને (કાંજી વગેરેનું કે વાસી-દુર્ગન્ધવાળું) અશ્રેષ્ઠ पाणं = પાણી, अदुवा = અથવા वारधोवणं = ગોળના માટલાદિનું ધોવણ, संसेइमं = લોટથી ખરડાએલા હાથ કે પાત્રાદિનું ધોવણ, તથા चाउलोदगं = કાચા ચોખાનું ધોવણ, એ દરેક अहुणाधोअं = તત્કાળ ધોએલાં, (મિશ્ર હોય, માટે विवज्जए = વર્જવાં. (૭૫)

(વારંવાર વહોરવાથી થએલા અનુભવરૂપ) मईए = બુદ્ધિ વડે અથવા दंसणेण = (વર્ણાદિ)

જોવા વડે, पडिपुच्छिऊण = પૂછીને, કે બીજા દ્વારા सुच्चा = સાંભળીને जं = જેને जाणिज्जा = જાણી શકે કે चिराधोअं = ઘણાં સમય પૂર્વે ધોએલું છે, તેને (તથા ધોયા પછી નીતરેલું વગેરે જોઈને નિશ્ચયથી) जं निस्संकियं = જે શંકા વિનાનું હોય તેને (૭૬)

તથા જે ત્રણ ઉકાળાપૂર્વક ઉકાળેલું હોવાથી अजीवं = જીવરહિત परिणयं = પ્રાસુક (મીઠું, સડ્યા વિનાનું, આરોગ્યજનક વગેરે બુદ્ધિથી સમજીને તેવું) नच्चा = જાણીને સંયત એવો સાધુ ગ્રહણ કરે. अह = જો (દુર્ગન્ધી કે ખારું ખાટું રોગજનક હશે, એમ) संकिअं = શંકાવાળું भविज्जा = થાય (દેખાય) તો णं = તેને आसाइत्ता = ચાખીને रोअए = પસંદ કરે-નિર્ણય કરે. (૭૭)

તે માટે દાત્રીને કહે કે आसायणट्ठाए = ચાખવા માટે थोवं = થોડું, मे हत्थंमि = મારા

હાથમાં दलाहि = આપ, अच्चंबिलं = અતિ ખાટું કે पूअं = દુર્ગન્ધવાળું मे तण्हं विणित्तए = મારી તૃષા શમાવવા માટે नालं = સમર્થ ન હોય, मा = (એવુ અનુપયોગી) મારે જરૂરી નથી. (ચાખ્યા પછી શરીર-સંયમને યોગ્ય-ઉપયોગી હોય તો ગ્રહણ કરી શકાય, અન્યથા નિષેધ કરાય.) (૭૮)

છતાં દાત્રી અતિખાટું, દુર્ગન્ધવાળું, તૃષા શમાવી ન શકે તેવું પાણી આપે તો તેને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી. (૭૯)

જો કે સાધુને વિવિધ અચિત્ત પાણી લેવાનું શાસ્ત્રોમાં વિધાન છે. તો પણ લેનાર-આપનારના ભાવધર્મની રક્ષાના ધ્યેયથી કે અન્ય કારણોથી આ વિધિ વૃદ્ધપરંપરાથી બંધ થએલો દેખાય છે. વર્તમાનમાં તો કેવળ ત્રણ ઉકાળા આવે તે રીતે પૂર્ણ ઉકાળેલું શુદ્ધ પાણી લેવાય છે. ગોળ-સાકરાદિનાં ધોવાણ, દ્રાક્ષાદિનું કે ફળોનું પાણી તૈયાર કરવાથી અથવા લેવામાં લોલુપતા થવાથી આધાકર્મ આદિ

દોષોનો સંભવ છે તેમ ઉકાળેલા પાણીમાં પણ બહુધા આધાકર્મ વગેરે દોષો લાગે છે, તો પણ ઉકાળેલું પાણી લેવામાં રસલોલુપતાથી બચવારૂપ રક્ષા શક્ય છે.

હા, જોઈતા પ્રમાણમાં મળવાથી તેનો વપરાશ વધે તે હિતકર નથી, માટે આત્માર્થી સાધુએ વિવેક કરવો આવશ્યક છે. ગૃહસ્થજીવનમાં ધનની મુખ્યતા હોવાથી જેમાં ધનખર્ચ ન થાય કે ઓછો થાય તે વસ્તુના દાનની ગૃહસ્થ કદાચ બહુ કિંમત ન કરી શકે, પણ સાધુજીવનમાં ધર્મની મુખ્યતા હોવાથી સંયમધર્મ હણાય તેવી વસ્તુ બહુમૂલ્યવાળી હોય તો પણ કિંમત વિનાની અને સંયમમાં ઉપકારી અલ્પ-મૂલ્યવાળી હોય તો પણ બહુ કિંમતવાળી માનવી જોઈએ.

અર્થાત સાધુને ઘી કે પાણી નિર્દોષ હોય તો બન્ને સમાન ઉપકારક છે. દોષિત આહારની જેમ દોષિત પાણી પણ સંયમને હાનિ કરે જ છે, છતાં

અનિવાર્ય હોવાથી દોષિત લેવું પડે. ત્યારે તો તેની વપરાશ બને તેટલી ઓછી કરવી જોઈએ. પૂર્વકાળના મહર્ષિઓ અલ્પજરૂરીઆતવાળા હોવાથી ફળાદિનાં કે ધોવણ આદિનાં અલ્પ પ્રમાણમાં મળતાં પાણીને ઘેરઘેરથી મેળવી નિર્વાહ કરતા અને એથી સંયમની પણ નિર્મળતા રહેતી. એ વિધિ નષ્ટ થતાં ઉકાળેલું પાણી વધુ પ્રમાણમાં મળવાથી જરૂરીઆત પણ વધતી ગઈ, પ્રાયઃ દોષિત હોવાથી સંયમ મલિન થવા લાગ્યું અને આશીર્વાદરૂપ સાધુજીવન ગૃહસ્થોને પણ ભારરૂપ બનતું ગયું. એમ લાભને બદલે હાનિ થવાના પ્રસંગને વિચારીને સંયમના ખપી આત્માએ એનો વિવેક કરવો ઘટે. ઘી હોય કે પાણી હોય, તેનું એક બિન્દુ પણ નિરર્થક વાપરવામાં કે પરઠવવામાં સમાન દોષ છે. એ વચન પુનઃ પુનઃ યાદ કરીને આત્માર્થીએ સંયમ જેમ નિર્મળ અને પ્રભાવક બને તેમ વર્તવું હિતાવહ છે. ૭૯.

(१४०) तं च हुज्ज अकामेणं, विमणेण पडिच्छिअं ।
तं अप्पणा न पिबे, नो वि अन्नस्स दावए ॥ १-८० ॥
(१४१) एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ ।
जयं परिठ्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥ १-८१ ॥

(નિષેધવા છતાં દાતારે આગ્રહ કરીને વહોરાવવાથી अकामेणं = ઈચ્છા વિના કે विमणेण = બે-ચિત્તથી (અનુપયોગથી तं च = તેવું (ખાટું કે દુર્ગન્ધી, વગેરે અયોગ્ય) પાણી पडिच्छिअं = લીધું હોય, તો તે अप्पणा = પોતે ન પીવે અને બીજાને પણ ન આપે. (૮૦) કિન્તુ एगंतं = એકાન્તે अवक्कमित्ता = જઈને अचित्तं = અચિત્ત (નિર્જીવ-યોગ્ય) ભૂમિને पडिलेहिआ = ચક્ષુથી જોઈ પ્રમાર્જીને जयं = જયણાપૂર્વક પરઠવીને વસતિમાં આવી पडिक्कमे = (ઈર્યાપથિકી) પ્રતિક્રમે (૮૦-૮૧)

કોઈવાર ગૃહસ્થની દાક્ષિણ્યતાથી કે તેની ભાવનાની રક્ષા માટે ગીતાર્થ સાધુ ઈચ્છા વિના પણ

લે, કારણ કે ગોચરીએ ગએલા ગીતાર્થને સ્યાદ્વદષ્ટિએ લાભ હાનિનો વિચાર કરી વર્તવાનો અધિકાર છે. એમ છતાં 'સર્વત્ર સંયમની અને સંયમમાં અપવાદ સેવીને પણ આત્માની રક્ષા કરવી' એમ કહેલું હોવાથી અયોગ્ય વસ્તુને વાપરે કે વપરાવે નહિ, આથી રત્નાધિકે પણ અયોગ્ય વસ્તુ લઘુ સાધુને પણ આપવી નહિ, એમ જણાવ્યું. બહારથી આવીને ઈર્યા૦ પ્રતિક્રમણ કરવાનું વિધાન સામાન્ય હોવા છતાં અહીં પુનઃ કહ્યું, તે વસતિમાં પરવઠે તો પણ પરઠવ્યા પછી ઈર્યા૦ પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ, એમ જણાવવા માટે સમજવું. ૮૧.

**હવે કારણે વસતિ બહાર ભોજન કરવાનો વિધિ** કહે છે-

(१४२) सिआ अ गोअरग्गगओ, इच्छिज्जा परिभुत्तुअं ।
कुट्ठगं भित्तिमूलंवा पडिलेहित्ताणफासुअं ॥ १-८२ ॥

(१४३) अणुन्नवित्तु मेहावी, पडिच्छन्नंमि संवुडे ।
हत्थगं संपमज्जित्ता, तत्थ भुंजिज्ज संजए ॥ १-८३ ॥

सिआ = કદાચિત્ (તપસ્વી હોય, બીજે ગામ દૂર ગયો હોય, કે શ્રમિત અથવા તૃષાતુર થયો હોય, તેથી) गोअरग्गगओ = ગોચરી ગએલો મુનિ ત્યાં જ परिभुत्तुअं = ભોજન કરવા ઈચ્છે, ત્યારે फासुअं = ત્રસ-બીજ વગેરે જીવોથી રહિત कुट्टगं = શૂન્ય ઘર-મઠ વગેરેને, કે તેવું સ્થળ ન મળે તો भित्तिमूलं = કોઈની ભીંતના મૂળને (પાછળના દેશભાગને) पडिलेहित्ता = નેત્રોથી જોઈ-પ્રમાર્જીને (૮૨) मेहावी = બુદ્ધિમાન સાધુ अणुन्नवित्तु = વિશ્રામ કરવાના બહાને (તેના સ્વામિની) અનુમતિ મેળવીને (કોઈ ત્યાં ન દેખે એવી વ્યવસ્થા કરીને) पडिच्छन्नंमि = ઉપર ઢાંકેલા (છાપરાદિવાળા તે સ્થાને) संवुडे = સંવૃત થઈને (ઉપયોગપૂર્વક) ઈર્યા૦ પ્રતિક્રમણ કરીને हत्थगं = (ઉપલક્ષણથી) હાથમાં મુખવસ્ત્રિકા લઈને संपमज्जिता = વિધિપૂર્વક કાયાને પ્રમાર્જીને, संजए = સમાધિયુત સાધુ (રાગ-દ્વેષ વિના)

भुंजिज्ज = આહાર-પાણી આદિ વાપરે. (૮૩)

કોઈ તપસ્વીને, વિશિષ્ટ નિર્જરા માટે અભિગ્રહ ધારીને અથવા કોઈ સામાન્ય સાધુને પણ, ધારવા કરતાં દૂર અન્ય ગામમાં જવું પડે, ઈત્યાદિ કારણે આવો પ્રસંગ સંભવિત છે. તથા ભોજન કરતાં કે ગોચરી આલોચતાં પહેલાં મસ્તક વગેરેનું પ્રમાર્જન કરવું જોઈએ. ૮૩.

**(१४४) तत्थ से भुंजमाणस्स, अट्ठिअं कंटओ सिआ ।**
**तणकट्ठसक्करं वा वि, अन्नं वा वि तहाविहं ॥ १-८४ ॥**

**(१४५) तं उक्खिवित्तु न निक्खिवे, आसएण न छड्डुए ।**
**हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे ॥ १-८५ ॥**

**(१४६) एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ ।**
**जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥ १-८६ ॥**

ત્યાં ભોજન કરતાં से = તે સાધુને ભોજનમાં ગૃહસ્થાદિના પ્રમાદ વગેરેથી કોઈ अट्ठिअं = ઠળીઓ, કાંટો, ઘાસ-તણખલું, લાકડું, सक्करं = કાંકરો, કે તથાવિધ (તેવું) બીજું પણ કંઈ આવ્યું

सिआ = હોય, (૮૪) તેને उक्खिवित्तु = હાથથી ઊંચકીને न निक्खिवे = ફેંકે નહિ, તથા आसएण = મોઢેથી न छड्डुए = ફેંકે (થૂંકે) નહિ, કિન્તુ તેને હાથ વડે ગ્રહણ કરીને એકાન્તમાં अवक्कमे = જાય. (૮૫) એકાન્તે જઈને' વગેરે ૮૬મી ગાથાનો અર્થ ૮૧મી ગાથા પ્રમાણે. (૮૬)

જયાં ત્યાં ફેંકવાથી કે થૂંકવા વગેરેથી ગૃહસ્થને અપ્રીતિ, પારિષ્ઠાપનિકા સમિતિનો ભંગ, અસભ્ય વર્તનથી સંયમની લઘુતા, તથા શાસનની અપભ્રાજના વગેરે અનેક દોષો સમજવા. ૮૬.

હવે વસતિમાં ભોજન કરવાનો વિધિ કહે છે-

(૧૪૭) सिया य भिक्खू इच्छिज्जा, सिज्जमागम्म भुत्तुअं ।
सपिंडपायमागम्म, उंडुअं पडिलेहिआ ॥ १-८७ ॥

(१४८) विणएण पविसित्ता, सगासे गुरुणो मुणी ।
इरियावहियमायाय, आगओ अ पडिक्कमे ॥ १-८८ ॥

सिआ = કદાચિત્ (બહાર ભોજનનું કારણ ન હોવાથી) ભિક્ષુ (સાધુ) सिज्जं = ઉપાશ્રયે

आगम्म = આવીને ભોજન કરવા ઈચ્છે, ત્યારે सपिंडपायं = આહારપાણી સહિત, आगम्म = (ઉપાશ્રયના દ્વાર પાસે) આવીને, ઉપાશ્રયની બહાર उंडुअं = સ્થંડિલને (શુદ્ધ નિર્જીવ ભૂમિને) पडिलेहिआ = જોઈને પ્રમાર્જે, (ત્યાં ઊભા રહીને આહારની શુદ્ધિ કરે, અર્થાત્ કોઈ જીવ, સચિત્ત, કે કાંટો, કાંકરો, તૃણ વગેરે આવ્યું હોય તો ત્યાં પરઠવી દે.) (૮૭) પછી વિનયથી (ત્રણ નિસીહિપૂર્વક 'नमो खमासमणाणं' = ઈત્યાદિ બોલતો વસતિમાં પ્રવેશ કરીને ગુરુની सगासे = પાસે (સમક્ષ)આવેલા તે મુનિ इरियावहियमायाय = 'इच्छामि पडिक्कमिउ० इरियावहियाए०' = ઈત્યાદિ પાઠ બોલીને पडिक्कमे = ઈરિ૦ પડિક્કમે અને તે કાયોત્સર્ગમાં જવા-આવવા ઉપરાંત ગોચરી લેતાં લાગેલા દોષોનું પણ ચિંતન-સ્મરણ કરે. (૮૮)

**(१४१) आभोइत्ता णं नीसेसं, अइआरं जहक्कमं ।**
**गमणागमणे चेव, भत्ते पाणे व संजए ॥ १-८९ ॥**

(१५०) उज्जुप्पन्नो अणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा ।
आलोए गुरुसगासे, जं जहागहिअं भवे ॥ १-९० ॥

गमणा = (કાયોત્સર્ગ કરતાં) જતાં-આવતાં તથા આહાર-પાણી લેવા વગેરેમાં લાગેલા नीसेसं = સઘળા અતિચારોને जहक्कमं = યથાક્રમે (નીકળ્યો ત્યારથી વસતિમાં આવતાં સુધી જે જે ક્રમે દોષો લાગ્યા હોય તે ક્રમથી) आभोइत्ता = જાણીને (હૃદયમાં ધારણ કરીને) णं = વાક્યાલંકારે संजए = (રાગદ્વેષ રહિત) સાધુ (કાયોત્સર્ગ પારે). (૮૯) પછી उज्जुप्पन्नो = સરળ અને બુદ્ધિમાન ક્ષુધાદિને જીતનાર હોવાથી अणुव्विग्गो = ઉદ્વેગ વિનાનો, अव्वक्खित्तेण = અવ્યાક્ષિપ્ત ચિત્તે (એકાગ્ર થઈને) જે જે વસ્તુ જે રીતે લીધી भवे = હોય તે તે ગુરુની સમક્ષ આલોચે (કહી જણાવે.) (૯૦)

આ ચાર ગાથાઓમાં ગોચરી લઈને પાછા આવ્યા પછીનો પ્રાચીન વિધિ છે. વર્તમાનમાં એ વિધિ ત્રુટક જોવામાં આવે છે. તેનું કારણ અજૈનોની વચ્ચે

રહેવાનું હોવાથી અપભ્રાજનાનો સંભવ છે. ગોચરી આલોચવાનો વિધિ સાધુને મમત્વ-લોલુપતાદિ ઘણા દોષોમાંથી બચાવી લે છે. અનુપયોગથી કે અજ્ઞાનથી દોષિત કે અનુપયોગી આવ્યું હોય તો, ગુરુને કહેવાથી સમજવામાં આવે છે. વહોરવામાં કંઈ અનુચિત વર્તન થયું હોય તો સુધરે છે, ઈત્યાદિ અનેક લાભો છે. માત્ર સૂત્રપાઠ બોલીને આલોચવાથી આલોચના યથાર્થ થતી નથી. આલોચનાનો અર્થ 'કહી જણાવવું' એવો છે. માટે ક્રમશઃ યાદ કરીને ગુરુને કહેવાથી યથાર્થ આલોચના થાય છે. ૯૦.

**(१५१) न सम्ममालोइअं हुज्जा, पुव्विं पच्छा व जं कडं ।**
**"पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥ १-११ ॥**

**(१५२) "अहो ! जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ ।**
**मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥" ॥ १-१२ ॥**

વિશિષ્ટ જ્ઞાનના અભાવે સૂક્ષ્મ અતિચારો નહિ સમજવાથી सम्मं न आलोइअं સમ્યગ્ ન આલોચ્યું हुज्जा = હોય, અથવા જે पुव्विं पच्छा =

પછીનું પહેલાં અને પહેલાંનું પછી (કે પૂર્વ-પશ્ચાત્કર્મ દોષવાળું અથવા પૂર્વ-પશ્ચાત્ સંસ્તવદોષવાળુ) कडं = કર્યું હોય, तस्स = તેને 'इच्छामि पडिक्कमिउं' गोअरचरिआए० = ઈત્યાદિ પાઠથી પુણો पडिक्कमे = પુનઃ પ્રતિક્રમે वोसट्ठो = કાયોત્સર્ગમાં રહેલો આ પ્રમાણે ચિંતવે-(૯૧) अहो = આનંદ સાથે આશ્ચર્ય (પામતો એમ વિચારે કે) મોક્ષની (સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની) સાધનામાં હેતુભૂત એવા સાધુના શરીરની धारणा = (નિર્દોષ) રક્ષા માટે શ્રી જિનેશ્વરદેવોએ असावज्जा = પાપરહિત वित्ती = આજીવિકા देसिआ = કહી છે. (૯૨)

આ એક ઉત્તમ ચિંતન છે, તેમાં શ્રીજિનેશ્વરદેવોનો ઉપકાર, સાધુનું કર્તવ્ય, ભોજન લેવાનો ઉદ્દેશ, દોષ ટાળવાની પ્રેરણા અને શરીરક્ષાની આવશ્યકતા, વગેરે વિવિધ સૂચનો છે. એમાં ભોજનની લોલુપતા અને શરીરની મમતા ટળે, આરાધનામાં અપ્રમત્તતા, નિર્દોષ આહાર મેળવવાની

વૃત્તિ અને પરમોપકારી શ્રીતીર્થંકરદેવો પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટે તેવું એક અમૃત છે. આ ચિંતન યથાર્થ બનતાં સાધુજીવન દોષ રહિત બની જાય છે. વસ્તુતઃ ગોચરીની આલોચના એક શુભભાવથી ભરપૂર સુંદર આત્મોપકારક અનુષ્ઠાન છે. ૯૨.

(૧૫૩) **णमुक्कारेण पारित्ता, करित्ता जिणसंथवं ।**

**सज्झायं पट्ठवित्ता णं, वीसमेज्ज खण मुणी ॥ १-९३ ॥**

'नमो अरिहंताणं' કહેવાપૂર્વક કાયોત્સર્ગ પારીને, ઉપર जिणसंथवं = ચતુર્વિંશસ્તવને (લોગસ્સને) કહીને, सज्झायं पट्ठवित्ता = સજ્ઝાય પઠાવીને (જો ભોજન માંડલીમાં કરવાનું હોય તો બીજા સાધુઓ આવે ત્યાં સુધી માંડલીમાં બેસીને સ્વાધ્યાય કરે અને (તપસ્વી આદિ) એકલભોજી હોય તો તે) मुणी = સાધુ ક્ષણવાર વિશ્રાન્તિ કરે. (૯૩)

અહીં સજ્ઝાય પઠાવવાનું કહ્યું, તેથી 'પચ્ચકખાણ' પારતાં સજ્ઝાય કરવી' એ માટે સંભવે છે. વર્તમાનમાં ભોજન પૂર્વે સજ્ઝાય

પઠાવવાનો બીજો વિધિ જોવામાં આવતો નથી. વળી બીમાર, તપસ્વી, ક્ષુધાળુ, બાળ વગેરે સાધુઓને ગુરુની આજ્ઞાથી એકાકી ભોજન કરવાનો વિધિ પણ છે. શેષ સાધુઓ સમગ્ર સાધુમંડલની સાથે જ ભોજન કરે એ વિધિને ભોજનમંડલી કહેલી છે.

(૧૫૪) **वीसमंतो इम चिंत्ते, हियमट्ठं लाभमट्ठिओ ।**

**जह मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥ १-९४ ॥**

वीसमंतो = વિસામો લેતો लाभमट्ठिओ = લાભનો અર્થી સાધુ इमे = આ हिअमट्ठंठुं = હિતકારી અર્થને (લાભને) चिंते = ચિંતવે 'जइ मे = જો મારા ઉપર साहू = સાધુઓ **અનુગ્રહ કરે** તો तारीओ हुज्जामि = (હું સંસાર સમુદ્ર**થી) તરેલો** થાઉં (તરું).' (૯૪)

સાધુને પણ આ વિધિથી દાનધર્મ સાથે ગુણવાનોની સેવા દ્વારા ગુણોની સેવા થાય, ઉદરંભરિતા ટળે, ઔચિત્યધર્મનું પાલન થાય તથા પરસ્પર મૈત્રી-પ્રીતિ અને વાત્સલ્ય વધે. ગૃહસ્થોની

જેમ રત્નાધિક સાધુઓ પણ ધર્મ છે કે સૌને સંભાળીને (સંતોષીને) ભોજન કરે. ૯૪.

(१५५) साहवो चिअत्तेणं, निमंतिज्ज जहक्कमं ।
जइ तत्थ केइ इच्छिज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥ १-१५ ॥

(१५६) अह कोइ न इच्छिज्जा, तओ मुंजिज्ज एक्क( ग )ओ ।
आलोएभोयएसाहू जयं अपरिसाडिअं ॥ १-१६ ॥

પછી ગુરુને વિનંતિ કરે કે - 'હે ભગવંત ! આ ભોજનમાંથી ઈચ્છા પ્રમાણે આપ ગ્રહણ કરો.' જો તેઓ સ્વીકારે તો અતિસુંદર ન સ્વીકારે તો 'બીજાઓને આપો' એમ વિનંતિ કરે. એથી તેઓ આપે તો ઘણું સારું, અને 'તું આપ' એમ કહે તો = ત્યારે चिअत्तेणं = પ્રશસ્ત મનથી (પ્રણિધાનપૂર્વક) जहक्कमं = રત્નાધિકના ક્રમથી (અન્ય મતે બાળ, પ્રાધૂર્ણક, વૃદ્ધ, તપસ્વી, વગેરે ક્રમથી) સાધુઓને નિમંત્રણ કરે-વિનવે, જો તેઓ કોઈ ઈચ્છે તો તેઓની સાથે (તેઓને આપીને) ભોજન કરે. (૯૫) જો કોઈ ન ઈચ્છે તો સાધુ आलोए =

પ્રકાશવાળા (પહોળા) भायणे = ભાજનમાં (પાત્રમાં) जयं = યતનાથી अपरिसाडिअं = (હાથ કે મુખમાંથી એક કણ-બિંદુ પણ) નીચે ન પડે તેમ एक्कओ भुंजिज्ज = એકલો ભોજન કરે. (૯૬)

ગુરુને નિમંત્રણ કરવાથી તેઓનો વિનય થાય અને વ્યવસ્થા જળવાય. સ્વયં ગમે તેને આપવાથી ગુરુ આજ્ઞાનો ભંગ થાય. 'કોને આપવું યોગ્ય કે અયોગ્ય છે' વગેરે જાણીને ગુરુ આપે તે લેવાથી લોલુપતાની પુષ્ટિ ન થાય અને લેનારનો ગુરુ પ્રત્યે પૂજ્યભાવ વધે. ગુરુ આજ્ઞા વિના સ્વયં આપવાથી પરસ્પર અપ્રશસ્ત રાગ વધે, ગુરુનું બહુમાન ન સચવાય, અનધિકાર ચેષ્ટાનો દોષ લાગે અને પરિણામે વૈરાગ્યને હાનિ પહોંચે. એથી અસંયમ વધે અને વિરાધક પરિણામ પ્રગટે. 'કોને ક્યારે કેટલું શું આપવું-ન આપવું' એ જ્ઞાની ગુરુ સમજી શકે, માટે તેઓને પૂછીને જ વર્તવું, એ સાધુનું કર્તવ્ય છે.

જમવાનું ભાજન પહોળું હોય તો પડેલા કે ઊડતા જીવો માખી વગેરેને બચાવી શકાય. ખાતાં નીચે ઢોળવાથી કીડી આદિનો ઉપદ્રવ થાય, તે ખેંચી જાય તો અવિરતિનું પોષણ થાય અને છોડાવવા જતાં ભોગાંતરાય કર્મ બંધાય, વગેરે દોષો સમજવા. ૯૬.

(૧૫૭) तित्तगं व कडुअं व कसायं, अंबिलं व महुरं लवण वा ।
एयलद्धमन्नत्थपउत्तं, महुघयं व भुंजिज्ज संजए ॥ १-९७ ॥

तित्तगं = કટુ, कडुअं = તિક્ખું, कसायं = તુરું, अंबिलं = ખાટું, महुरं = મધુર-મીઠું કે लवणं = ખારું एयलद्धं = એવું જે (શાસ્ત્રવિધિથી) મળ્યું હોય તે अन्नत्थपउत्तं = અન્યાર્થ પ્રયુક્તં, અર્થાત્ (ગાડાના ચક્રમાં ઉંજણની જેમ) મોક્ષનું સાધક છે, એમ સમજીને संजए = રાગ-દ્વેષ રહિત સાધુ महुघयं व = મધુ-ઘૃતની જેમ (ઉત્તમ માનીને) भुंजिज्ज = ભોજન કરે. (૯૭)

સ્વાદિષ્ટ કે સ્વાદ વિનાનું ભોજન

રસનેન્દ્રિયની અપેક્ષાએ સારું નરસું મનાય છે. રસનાનો વિજેતા મુનિ મોક્ષ સાધક દેહને માત્ર ટકાવવાના ધ્યેયથી રાગ દ્વેષ વિના શાસ્ત્રોક્ત વિધિથી મળેલું, જે જે નિર્દોષ કલ્પ્ય અને શરીરને પથ્ય હોય તે સઘળું સંયમની અપેક્ષાએ ઉત્તમ સમજીને મીઠા ભોજનની જેમ વાપરે અને અવિધિથી લાવેલું, દોષિત અકલ્પ્ય તથા કુપથ્ય વસ્તુ વર્ણાદિથી શ્રેષ્ઠ હોય તો પણ તજે. અહીં 'મધુઘૃત'માં મધુ શબ્દ સ્વાદની ઉપમા માટે કહેલો છે, માટે મધને ભક્ષ્ય નહિ સમજવું. ૯૭.

(१५८) अरसं विरसं वा वि, सूइअं वा असूइअं ।
उल्लं वा जइ वा सुक्कं, मंथुकुम्मास भोअणं ॥ १-९८ ॥
(१५९) उप्पन्नं नाइहीलिज्जा, अप्पं वाबहु फासुअं ।
मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जिअं ॥ १-९९ ॥

अरसं = (મસાલા કે વઘાર વગેરે કર્યા વિનાનું) રસ રહિત, અથવા विरसं = વિપરીત રસવાળું (કે અતિપુરાણું) सूइअं = શાક સહિત,

અથવા असूइअं = શાકરહિત उल्लं = (ઘણા વઘારાદિથી યુક્ત) રસદાર, અથવા सुक्कं = અલ્પશાકવાળું-સુકું (રસરહિત) અર્થાત્ मंथु = બોરનું ચૂર્ણ, कुम्मास = અડદાદિના બાકળા (ટોઠા) વગેરે જે જે (૯૮) फासुअं = નિર્જીવ उप्पन्नं = શાસ્ત્રોક્ત વિધિથી મેળવેલું હોય તેને नाइहीलिज्जा = અતિનિંદે નહિં, અર્થાત્ अप्पं = અતિ-અલ્પ છે, बहु = ઘણું છતાં અસાર (શક્તિ ન આપે તેવું છે, વગેરે નિંદા કરે નહિ, પણ મૌનપણે, મુખ બગાડ્યા વિના, લોકોએ પોતાની દાનરુચિથી જે આપ્યું હોય તેને શ્રેષ્ઠ માનતો મુનિ) मुहालद्धं = (મંત્ર-તંત્રાદિ પ્રયોગ કર્યા વિના) સહજ ભાવે મળેલું दोसवज्जिअं = દોષરહિત હોય એવા અશનાદિને मुहाजीवी = (કોઈ નિયાણા વિના કેવળ સંયમ) મોક્ષની સાધના માટે જીવનારો भुंजिज्जा = ભોજન કરે. (૯૯)

બોરનું ચૂર્ણ કે બાકળા જેવી સામાન્ય વસ્તુમાં

પણ અસદ્ભાવ ન કરતાં, થોડું કે ઘણું જે જે નિર્જીવ, શાસ્ત્ર વિધિથી, દોષરહિત, વિના બલાત્કારે મલ્યું હોય તે સર્વ મોક્ષમાર્ગમાં ઉપકારી છે એમ સમજી બળ-વીર્ય-પુષ્ટિ-શોભા આદિ કોઈ જડભાવની અપેક્ષા વિના માત્ર શરીરને ટકાવવાની બુદ્ધિએ લીધેલો આહાર સંયમસાધક બને છે. તેથી વિપરીત અતિ રાગ-દ્વેષાદિપૂર્વક લેવાય તો તે ઘણો કે શ્રેષ્ઠ પણ આહાર સંયમના પરિણામમાં વૃદ્ધિ કરી શકતો નથી, જેમ આહાર નિર્દોષ-શુદ્ધ જોઈએ, તેમ ખાનારનું ચિત્ત પણ શાન્ત અને શુદ્ધ જોઈએ.

ખોરાકનાં પુદ્ગલો શુભાશુભભાવરૂપ જે અસર ઉપજાવે છે, તેથી કેઈ ગુણી અસર ખાનારના અધ્યવસાયો ઉપજાવે છે. માટે ઉભયની શુદ્ધિ જોઈએ. ભોજન કરનારની શુભાશુભ વૃત્તિઓ ભોજનથી પોષાય છે. માટે આહાર મેળવવાની જેમ વાપરતાં પણ ઉપશમભાવ કેળવવો જોઈએ. એ કારણે જ ગ્રાસૈષણાના પાંચ દોષો જુદા કહ્યાં છે.

મંત્ર તંત્રાદિ પ્રયોગ કે બલાત્કારાદિ કર્યા વિના મેળવેલું પણ જડ લાલસાને પોષવાના ધ્યેય વિના કેવળ ધર્મના સાધનભૂત કાયાને ટકાવવાના ધ્યેયથી વાપરવું જોઈએ. ૯૯.

**(१६०) दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।**
**मुहादाई मुहाजीवी, दो वि गच्छंति सुग्गइं-त्ति बेमि**
**॥ १-१०० ॥**

પ્રાયઃ સર્વત્ર **મુધાદાયી દુર્લભ છે અને મુધાજીવી પણ દુર્લભ છે. મુધાદાયી અને મુધાજીવી બન્ને** (પોતપોતાના તે ગુણોથી) **સદ્‌ગતિને પામે છે, એમ હું કહું છું.** (૧૦૦)

કોઈ પણ બદલાની આશા વિના, કેવળ સ્વધર્મ સમજીને આપનારો મુધાદાયી અને પોતાની જાતિ-ગુણ-બુદ્ધિ-જ્ઞાન કે કળા વગેરે સર્વ આલંબનને તજીને દીનતા કે બદલો આપવાની ભાવના વિના કેવળ સ્વગુણોના બળે જીવનારો મુધાજીવી સમજવો. નિષ્કામ વૃત્તિવાળા તે બન્ને પોતાના એ મહાન

ગુણથી નિર્દોષ જીવન જીવીને સદ્ગતિને પામે છે.

મુધાદાયી માટે કહ્યું છે કે-કોઈ વૈષ્ણવે પોતાના ત્યાં એક પરિવ્રાજકને સેવાનો કોઈપણ બદલો નહિ આપવાની શરતે ચોમાસું રાખ્યા અને પોતે સ્વધર્મ સમજીને તેની સેવા કરવા લાગ્યો. એકદા તેનો ઘોડો ચોરો લઈ ગયા, પ્રભાત થઈ જવાથી ચોરોએ તેને આગળ ન લઈ જતાં નદી કાંઠે છોડી દીધો. સવારે પરિવ્રાજક સ્નાન માટે નદીએ ગયો. ત્યાં તેણે ઘોડો જોયો. પણ શરત કરેલી હોવાથી વૈષ્ણવને કહી શકાય તેમ ન હોવાથી 'મારું વસ્ત્ર નદી ઉપર રહી ગયું છે' એમ વૈષ્ણવને કહી વસ્ત્ર લાવવા માણસ મોકલ્યો. તે માણસે ત્યાં ઘોડાને જોયો અને પાછા આવી પોતાના સ્વામીને કહ્યું. એથી વૈષ્ણવે પરિવ્રાજકને ધ્યેયને સમજી લીધું કે દાતારને બદલો આપવાની વૃત્તિવાળાને દાન આપવાથી ધર્મ ન થાય માટે અહીંથી ચાલ્યા જાઓ.

તાત્પર્ય કે સ્વકર્તવ્ય સમજીને નિષ્કામ

વૃત્તિથી દાન કરનારો ગૃહસ્થ મુધાદાયી જાણવો.

મુધાજીવી માટે પણ કહ્યું છે કે-એક રાજાએ ધર્મની પરીક્ષા માટે ધર્મીઓને આમંત્રણ આપ્યું. કાર્પટિક વગેરે વિવિધ લોકો આવ્યા. તેઓને જીવન ઉપાય માટે પૂછતાં એકે કહ્યું હું મુખબળે (કથા સંભળાવવાની મળતી આજીવિકાથી) જીવું છું. બીજાએ કહ્યું હું પગના બળે (લેખો-પત્રો પહોંચાડીને તેના બદલે મળતી આજીવિકાથી) જીવું છું. ત્રીજાએ કહ્યું હું હાથના બળે (લેખનાદિ હસ્તકળાથી આજીવિકા મેળવીને) જીવું છું. ચોથાએ કહ્યું હું પ્રવ્રજિત હોવાથી લોકોની ભક્તિના બળે જીવું છું, ત્યારે પાંચમા ક્ષુલ્લક સાધુએ કહ્યું, હું સંસારથી વિરક્ત થએલો મુધા (કોઈ આશા-આલંબન વિના) જીવું છું. તે સાંભળી રાજાએ તેના ધર્મને શ્રેષ્ઠ માની સ્વીકાર્યો, અર્થાત્ વૈરાગ્યના બળે જીવનાર મુધાજીવી સમજવો.

॥ पंचमाज्झयणस्स पढमो उद्देसो सम्मत्तो ॥

## • પાંચમા અધ્યયનનો બીજો ઉદ્દેશો •

પહેલા ઉદ્દેશોમાં શેષ રહેલો ભોજનવિધિ બીજામાં કહે છે-

(१६१) पडिग्गहं संलिहित्ता णं, लेवमायाए संजए ।
दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डुए ॥ २-१ ॥

संजए = (રાગ-દ્વેષાદિનો વિજેતા) મુનિ દુર્ગન્ધવાળું કે સુગંધી सव्वं = સઘળું लेवमायाए = લેપ સુધી (પાત્રને તર્જની અંગુલીથી) संलिहित्ता = સંલેખન કરીને (ઘસીને) ભોજન કરે, લેશ પણ છાંડે નહિ. (૧)

લેશ પણ નહિ છાંડવાથી જરૂરિયાતથી અધિક આવે નહિ, સંગ્રહ થાય નહિ, મૂર્છા થાય નહિ, દાનરુચિની રક્ષા થાય-વધે, અને પાત્ર વગેરે સ્વચ્છ રહે, ઈત્યાદિ અનેક લાભ થાય. ૧.

(१६२) सेज्जानिसीहियाए, समावन्नो अ गोअरे ।
अयावयट्ठा भुच्चा णं, जइ तेणं न संथरे ॥ २-२ ॥

(१६३) तओ कारणमुप्पन्ने, भत्तपाणं गवेसए ।
विहिणा पुव्वउत्तेण, इमेणं उत्तरेण य ॥ २-३ ॥

सेज्जा = ઉપાશ્રય કે निसीहियाए = સ્વાધ્યાય ભૂમિમાં (તપસ્વી કે ગ્લાન સાધુ) गोअरे = આહાર કરવાના સ્થળે अयावयट्ठा = (નિર્વાહ ન થાય તેટલું) અપૂર્ણ (ભોજન મલ્યું હોય તેને) भुच्चा = વાપરીને (જો તેટલા વડે) न संथरे = નિર્વાહ ન કરી શકે (૨) तओ = તો ('ક્ષુધાની વેદના ન સહન થાય, જ્ઞાનાભ્યાસાદિ કાર્યો ન થઈ શકે' વગેરે પુષ્ટ કારણે) पुव्वउत्तेण = પહેલા ઉદ્દેશોમાં કહ્યો તે અને इमेणं उत्तरेण = આ પછી કહેવાતા વિધિ વડે આહાર પાણીની गवेसए = (બીજી વાર) શોધ કરે. (૩)

મુખ્ય માર્ગે સાધુને એક જ વાર અને કોઈ તપસ્વી-બીમાર વગેરેને નિર્વાહ ન થાય તો પુષ્ટ કારણે બીજી-ત્રીજીવાર ભોજન વિહિત છે. તેથી વિવેક, લોલુપતાનો નાશ, સમયનો બચાવ, આરોગ્ય અને સંયમની શુદ્ધિ વૃદ્ધિ વગેરે વિવિધ લાભો છે. 'સ્વાધ્યાયભૂમિ' એટલે ઉપાશ્રય અથવા બીજે જ્યાં અધ્યયન કરાતું હોય તે સ્થળ, गोअरे

પદનો અર્થ પ્રસંગાનુસાર લખ્યો છે. ટીકામાં **छन्नमठादौ** કર્યો છે. ૩.

**હવે કાળની યતના કહે છે-**

**(१६४) कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥ २-४ ॥**

સાધુ યોગ્યકાળે ગોચરી માટે નીકળે, અને યોગ્યકાળે पडिक्कमे = પાછો ફરે. (સ્વાધ્યાયાદિ માટે અકાળ માનેલા સંધ્યાદિ) अकालं = અકાલને વર્જીને યોગ્યકાળે कालं = ભિક્ષાને (ઉપલક્ષણથી જ્ઞાન, ધ્યાન, પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિ સર્વ કાર્યોને તે તે યોગ્યકાળે) કરે. (૪)

જે ગામ નગરાદિમાં ગૃહસ્થોને ભોજનનો જે સમય હોય તે ભિક્ષા માટે પણ યોગ્યકાળ કહ્યો છે. સ્વાધ્યાયાદિ ન સીદાય તે રીતે પુનઃ સ્થાનમાં આવીજવાય તે પાછા ફરવાનો યોગ્યકાળ સમજવો. જે જે કાર્ય જે જે કાળે કરણીય હોય તેનો તે કાળ. વિના કારણે ગમે ત્યારે મોડું-વહેલું કરવું તે અકાળ સમજવો.

તે તે કાર્યો કાળે કરવાથી પ્રમાદને કારણ મલતું નથી, સવિશેષ આરાધના થઈ શકે છે અને અમૂલ્ય સમયનો દુરુપયોગ થતો નથી. માનવજીવનના સમય સમયની કિંમત અમૂલ્ય છે. **'गोयमा ! समयं मा पमायए'** । એ પ્રભુ મહાવીર દેવનું વચન એનું સૂચક છે. અનંતાનંત પુદ્ગલ પરાવર્તન સુધી ન થાય તે આત્મશુદ્ધિ મનુષ્યની ટૂંકી જિંદગીની થોડી ક્ષણોમાં થઈ શકે છે. માટે અનંતા જન્મો કરતાંય મનુષ્યનો ધર્મસામગ્રીયુક્ત એક ભવ અધિક મૂલ્યવાળો છે. ૪.

અકાળે નીકળવાથી ભિક્ષા ન મળતાં કોઈ સાધુ ક્લેશ કરે, કે દાતારની નિંદા કરે, તેને અન્ય સાધુ કહે છે-

(१६५) अकाले चरसि भिक्खू, कालं न पडिलेहसि ।
अप्पाणं च किलामेसि, संनिवेसं च गरिहसि ॥ २-५ ॥

હે ભિક્ષુક ! તું અકાળે ભિક્ષાર્થે ફરે છે, ભિક્ષાકાળને न पडिलेहसि = વિચારતો નથી, તેથી अप्पाणं = પોતાને किलामेसि = થકવે છે અને संनिवेसं =

ગામને (ગૃહસ્થોને) गरिहसि = નિંદે છે. (૫)

અજ્ઞાન, પ્રમાદ કે સ્વાધ્યાયાદિના લોભથી અકાળે ફરવાનું સંભવિત છે. પણ તેમાં અજ્ઞાન અને પ્રમાદ સ્પષ્ટ અહિતકર છે જ. સ્વાધ્યાયનો પણ લોભ મોહના ઉદયરૂપ હોવાથી શાસ્ત્રાજ્ઞાનો ભંગ કરાવે છે. પ્રત્યેક કાર્યો તે તે કાળે કરવાની જિનાજ્ઞા હોવાથી તે તે કાળે કરાતું ભોજન, ભિક્ષાભ્રમણ કે સ્થંડિલ ગમન, વગેરે સર્વ શરીર-ચિંતાનાં કાર્યો પણ નિર્જરાનાં કારણ છે. ભણવા જેટલું પ્રત્યેક સાધુક્રિયાનું પણ મહત્ત્વ છે, એમ સમજતો મુનિ એક કાર્યના લોભથી અન્ય કાર્યની ઉપેક્ષા કરે નહિ. જ્ઞાનાદિ આરાધનાનો લોભ પણ બીજા યોગોમાં અનાદર ન પ્રગટાવે તો જ પ્રશસ્ત ગણાય. વસ્તુતઃ જિનાજ્ઞાને અનુસરવાપૂર્વકનો મન, વચન અને કાયાનો વ્યાપાર તે જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. ૫.

**(१६६) सइ काले चरे भिक्खू, कुज्जा पुरिसकारिअं ।**
**अलाभु त्ति न सोएज्जा, तवोत्ति अहिआसए ॥ २-६ ॥**

काले = ભિક્ષાકાળ सइ = થયે છતે (અથવા ગૃહસ્થો દાન દેવા માટે સાધુની સ્મૃતિ (સ્મરણ) કરે તે સમયે) સાધુ ભિક્ષાર્થે चरे = ફરે, જંઘાબળ હોય ત્યાં સુધી पुरिसकारिअं = પુરુષકાર (પુરુષાર્થ) કરે (પ્રમાદ ન કરે), ફરવા છતાં આહાર अलाभु = ન મળે त्ति = 'ન મલ્યું' એવો ન सोइज्जा = શોક ન કરે કિન્તુ तवु त्ति = ઉપવાસ, ઉણોદરતા આદિ 'તપ થશે' એમ વિચારી अहिआसए = ક્ષુધાને સહન કરે. (૬)

શરીરબળનો સદુપયોગ થવાથી વીર્યાન્તરાય કર્મ તૂટે છે, પ્રમાદથી બંધાય છે, માટે જંઘાબળ હોય ત્યાં સુધી સાધુએ વિહાર, ભિક્ષાભ્રમણ આદિ કરવું જોઈએ. આહાર ન મળે તો પણ જિનાજ્ઞાનું પાલન, વીર્યાન્તરાયનો ક્ષયોપશમ, વગેરે લાભ તો થાય જ છે. મુખ્યતયા કેવળ આહાર માટે નહિ, પણ વીર્યાન્તરાયના ક્ષયોપશમ માટે ગોચરી ફરવાનું હોવાથી શોકનું કોઈ કારણ નથી. સાધુને જિનાજ્ઞા

મુજબ સંયમની પ્રવૃત્તિ નિષ્ફળ થતી નથી. કારણ કે 'અમુક કાર્ય કરવું' એ ધ્યેય ન રાખતાં 'જિનાજ્ઞાને અનુસરું' એ ધ્યેય રાખવાથી આજ્ઞાપાલનનું મોટું ફળ મળે છે. માટે આહાર ન મળે તો પણ ઢંઢણ મુનિના દૃષ્ટાન્તે સમાધિ રાખવી. ૬.

**હવે ક્ષેત્રની યતના માટે કહે છે-**

(૧૬૭) **तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया ।**
**तं उज्जुअ न गच्छिज्जा, जयमेव परक्कमे ॥ २-७ ॥**

કાળ યતનાદિ કહી तहेव = તેમ (ક્ષેત્રયતના માટે પણ) જ્યાં उच्चावया = સારા નરસા (હંસ વગેરે કે કાગડા વગેરે) पाणा = જીવો भत्तट्ठाए = (બલી-નૈવેદ્ય વગેરે) ભોજન માટે (આશાએ) આવ્યા હોય, तं उज्जुअं = તેઓની સામે ન જાય, (પણ તેમને ઉદ્વેગ, ત્રાસ, ભય ન થાય તે રીતે) जयमेव परक्कमे = યતનાપૂર્વક જાય. (૭)

પક્ષી આદિ ભયથી ઊડી જતાં તેઓને વિઘ્નભૂત થવાથી કર્મ બંધાય. લોકમાં પણ સાધુ

હલકો-ભીખારી તુલ્ય મનાય અને એથી શાસનની પણ લઘુતા થાય. ૭.

(૧૬૮) **गोअरग्गपविट्ठो अ, न निसीइज्ज कत्थई ।**
**कहं च न पबंधिज्जा, चिट्ठित्ताण व संजए ॥ २-८ ॥**

ભિક્ષા માટે ગએલો संजए = સાધુ न निसीइज्ज = બેસે નહિ, અથવા चिट्ठित्ता = ઊભા રહીને (પણ અમુક સમય સુધી) कहं = કથાને न पबंधिज्जा = પ્રબંધપૂર્વક ન કરે. (૮)

અર્થાપત્તિએ પ્રસંગને અનુરૂપ આવશ્યક પ્રશ્નાદિ કે કોઈ પ્રસંગે થોડો માત્ર ઉપદેશ કરી શકાય. ગૃહસ્થને ત્યાં અધિક રોકાવા બેસવાથી સંયમની હાનિ અને ધર્મકથા કરવાથી ભક્ત હોયતો આહારમાં દોષ લાગવાનો અને દ્વેષી હોય તો દ્વેષ થવાનો વગેરે પ્રસંગ આવે. ૮.

હવે દ્રવ્યયતના માટે કહે છે-

(૧૬૯) **अग्गलं फलिहं दारं, कवाडं वा वि संजए ।**
**अवलंबिया न चिट्ठिज्जा, गोअरग्गगओ मुणी ॥ २-९ ॥**

ગોચરી માટે ગએલો संजए = સંયત મુનિ अग्गलं = (દરવાજાના કમાડની) સાંકળને, फलिहं = પરિઘને (કમાડની પાછળ ભરાવવાના કાષ્ઠને), द्वारं = (બારણાની) શાખને, કે कवाडं = કમાડને अवलंबिआ = અવલંબીને (ઓઠિંગણ કરીને) ઊભો ન રહે. (કારણ કે એથી લઘુતા-હલકાઈ તથા સંયમ વિરાધનાદિ દોષો થાય.) (૯)

**હવે ભાવયતના કહે છે-**

**(१७०) समणं माहणं वा वि, किविणं वा वणीमगं ।**
**उवसंकमंतं भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥ २-१० ॥**
**(१७१) तं अइक्कमित्तु न पविसे, न वि चिट्ठे चक्खुगोओरे ।**
**एगंतमवक्कमित्ता, तत्थ चिट्ठिज्ज संजए ॥ २-११ ॥**

(અન્યમતવાળા નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરિક અને બૌદ્ધ, પૈકી કોઈ) समणं = શ્રમણને, माहणं = બ્રાહ્મણને, કૃપણતાથી ભીખ માગતા किविणं = કૃપણને, કે वणीमगं = (પાંચ પ્રકારના યાચકો પૈકી કોઈ) યાચકને ભોજન કે પાણી માટે

**उवसंकमंतं** = ગૃહસ્થના ઘેર જતા હોય ત્યારે સંયત મુનિ (૧૦) **तमइक्कमित्तु** = તેને ઉલ્લંઘીને (પહેલો) પ્રવેશ ન કરે, ગૃહસ્થ કે યાચકની **चक्खुगोअरे** = દૃષ્ટિએ દેખાય ત્યાં ઊભો પણ ન રહે, કિન્તુ **एगंतं** = એકાન્તે **अवक्कमित्ता** = ખસીને (જઈને) **संजए** = રાગ-દ્વેષ વિના ત્યાં **चिट्ठिज्ज** = ઊભો રહે. (૧૧) કારણ કે-

(१७२) **वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा ।**
**अप्पत्तिअं सिया हुज्जा, लहुत्तं पवयणस्स वा ॥ २-१२ ॥**

તે **वणीमगस्स** = યાચકને, **तस्स दायगस्स** = તેને દાન દેનારને અથવા ઉભયને **सिया** = કદાચિત્ **अप्पत्तिअं** = અપ્રીતિ થાય, અથવા (તે સાધુનું કે) **पवयणस्स** = જૈન શાસનનું **लहुत्तं** = લઘુત્વ (હલકાઈ) થાય. (૧૨)

ભાગ પડવાના ભયે લેનારાનું અને અનુચિત વર્તન જોઈને દાતારનું મન દુભાય, સાધુની પણ કદર તે ભિખારી જેટલી હલકી થાય અને એથી

કર્મબંધ તથા પ્રવચનનો ઉડ્ડાહ વગેરે પણ થાય, માટે જૈનસાધુને છતે ઉપાયે કોઈનું મન પણ દુભાવવાથી હિંસારૂપ અતિચાર કહ્યો છે. ૧૨.

(१७३) पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए ।
उवसंकमिज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥ २-१३ ॥

દાતારે તે શ્રમણાદિને पडिसेहिए = પ્રતિષેધ કર્યે છતે, दिन्ने वा = અથવા દાન દીધે છતે तम्मि = તે तओ = ત્યાંથી नियत्तिए = પાછો ફર્યા પછી સંયત મુનિ ભોજન માટે કે પાણી માટે ગૃહસ્થની સમીપ જાય. (૧૩)

હવે પરપીડાના પરિહારની મર્યાદા કહે છે કે-

(१७४) उप्पलं पउमं वा वि, कुमुअं वा मगदंतिअं ।
अन्नं वा पुप्फसच्चित्तं, तं च सलुंचिआ दए ॥ २-१४ ॥

(१७५) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ २-१५ ॥

उप्पलं = નીલકમળને, पउमं = રાતા કમળને, कुमुअं = ચંદ્ર વિકાસી શ્વેત કમળને,

मगदंतिअं = માલતીને (અથવા મોગરાને), કે બીજાં પણ પુષ્પાદિ સચિત્તને આપે, અથવા તે સલુંચિઆ = વૃક્ષાદિ ઉપરતી તેને ચૂંટીને (સ્પર્શીને બીજી વસ્તુ પણ) આપે (૧૪) તો તે આહાર કે પાણી સંયત મુનિઓને અકલ્પ્ય થાય, માટે આપનારીને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી. (૧૫)

(१७६) उप्पलं पउमं वा वि, कुमुअं वा मगदंतिअं ।
अन्नं वा पुप्फसच्चित्तं, तं च सम्मद्दिआ दए ॥ २-१६ ॥

(१७७) तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ २-१७ ॥

બન્ને ગાથાઓનો અર્થ ઉપર પ્રમાણે. માત્ર सम्मद्दिआ = (પૂર્વે ચૂટેલાં પણ અચિત્ત ન થયાં હોય તે પુષ્પોને) મર્દન કરીને (મસળીને કે પગ નીચે કચરીને, વગેરે પીડા કરીને), એમ સમજવું. (૧૬-૧૭)

પહેલા અધ્યયનની ૨૯મી ગાથામાં 'संमद्दमाणी' = વગેરે પાઠથી નિષેધ સામાન્યરૂપે કર્યો અને અહીં નામનિર્દેશપૂર્વક કર્યો, માટે

પુનરુક્તદોષ નથી. ૧૭.

(૧૭૮) सालुअं वा विरालिअं, कुमुअं उप्पलनालिअं ।
मुणालिअं सासवनालिअं, उच्छुखंडं अनिव्वुडं ॥ २-१८ ॥

(૧૭૯) तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा ।
अन्नस्स वा वि हरिअस्स, आमगं परिवज्जए ॥ २-१९ ॥

વળી-अनिव्वुडं = અચિત્ત નહિ થયેલા सालुअं = નીલકમળના કંદને, विरालिअं = પલાશવૃક્ષના કંદને, (બીજાઓ પર્વોવાળા પ્રત્યેક વેલાને અને પર્વરૂપ પ્રત્યેક કંદોને, એમ પણ કહે છે,) તથા कुमुअं = શ્વેતકમળને, અને उप्पलनालियं = નીલકમળના નાળને (દાંડાને) તથા કમલિનીમાંથી નીકળેલા मुणालिअं = બીસતંતુને, सासवनालिअं = શ્વેત સર્ષવની મંજરીને (ફળીને) उच्छुखंडं = શેરડીના કકડાને, (૧૮) તથા કોઈ પણ रुक्खस्स = વૃક્ષના तणगस्स वा = અથવા તૃણના કે કોઈ अन्नस्स = બીજા પણ हरिअस्स = વનસ્પતિના आमगं तरुणगं पवालं = કાચા તાજા

પ્રવાલને (અંકુરાને) તજે. (ન સ્વીકારે.) (૧૯)

(૧૮૦) **तरुणिअं वा छिवाडिं, आमिअं भज्जिअं सयं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥ २-२० ॥**

તથા तरुणिअं = અતિકોમળ (દાણા થયા વિનાની) आमिअं = (દાણા થવા છતાં) કાચી (નહિ પકાવેલી), અથવા सयं भज्जिअं = એક વાર (કાચી-પાકી) પકાવેલી, એવી छिवाडिं = ફળીને (મગ વગેરેની શિંગોને) આપનારી દાત્રીને પ્રતિષેધ કરે કે મારે તેવું કલ્પતું નથી. (૨૦)

(૧૮૧) **तहा कोलमणुस्सिन्नं, वेलुअं कासवनालिअं ।**
**तिलपप्पडगं नीमं, आमगं परिवज्जए ॥ २-२१ ॥**

તથા अणुस्सिन्नं = (પાણી અને અગ્નિના સંયોગપૂર્વક) નહિ રાંધેલા कोलं = બોરને, वेलुअं = વંશકારેલાને कासवनालिअं = શ્રીપર્ણીના ફળને, तिलप्पडगं = ખાંડેલા તલને, અને नीमं = લીંમડાની લીમ્બોળીને, એ સર્વ आमगं = કાચાં સચિત્તને તજવાં. (૨૧)

અગ્નિમંથન, કાયફળ, શીમળા, ગાંભારી, વગેરે વૃક્ષોને શ્રીપર્ણી કહેવાય છે. ૨૧.

(૧૮૨) **तहेव चाउलं पिट्ठं, विअडं वा तत्तऽनिव्वुडं ।**
**तिलपिट्ठपूइपिन्नागं, आमगं परिवज्जए ॥ २-२२ ॥**

તેવી રીતે आमगं = કાચા-પૂર્ણ અચિત્ત નહિ થએલા चाउलं पिट्ठं = ચોખાના લોટને, તથા तत्तऽनिब्बुडं = ત્રણ ઉકાળાથી પૂર્ણ તપીને અચિત્ત નહિ થએલા विअडं = શુદ્ધપાણીને तिलपिट्ठ = તલના લોટને (ખોળને) पूइपिन्नागं = સરસવના ખોળને, એ સર્વ પણ પૂર્ણ અચિત્ત નહિ થએલાંને વર્જવા. (૨૨)

(૧૮૩) **कविट्ठं माउलिंगं च, मूलग मूलगत्तिअं ।**
**आमं असत्थपरिणयं, मणसा वि न पत्थए ॥ २-२३ ॥**

आमं = કાચા असत्थपरिणये = અગ્નિ આદિ શસ્ત્રથી અચિત્ત નહિ થએલા कविट्ठं = કોઠીના ફળને, माउलिंगं = બીજોરાને તથા मूलगं = પત્ર સહિત મૂળાને અને मूलग(व)त्तिअ = મૂળાની

(કંદની) કાત્રીને તો મનથી પણ ન पत्थए = ન ઈચ્છે. (૨૩)

(૧૮૪) **तहेव फलमंथूणि बीअमंथूणि जाणिआ ।**
**बिहेलगं पिआलं च, आमगं परिवज्जए ॥ २-२४ ॥**

તેવી રીતે फलमंथूणि = (બોર વગેરે) ફળોનું ચૂર્ણ, बीअमंथूणि = બીજચૂર્ણ (જવ-ચણા-ઘઉં વગેરેનો લોટ), बिहेलगं = બિભીતક (બહેડાં) અને पिआलं = પ્રિયાલફળ, એ પ્રત્યેકને जाणिआ = જાણીને = (શાસ્ત્રવચનથી ઓળખીને) કાચાં (પૂર્ણ અચિત્ત ન થયાં) હોય તો વર્જવાં. (૨૪)

અહીં સુધી સ્થાવરને પણ પીડા ન થાય તે રીતે આહાર લેવા કહ્યું, તેમાં પ્રિયાલ એટલે રાયણ અથવા દ્રાક્ષા જાણવી. અહીં સચિત્ત કે મિશ્ર વસ્તુ લેવાનો નિષેધ કર્યો તે નિશ્ચયનયની અપેક્ષાએ સમજવો. વ્યવહારનયની તો અચિત્ત પણ જે જે સંયમમાં હાનિ કરે, ગૃહસ્થોને પણ અભક્ષ્ય-અંનતકાય તરીકે ત્યાજય હોય, જે લેવાથી લોકમાં

લોલુપી ગણાય, કે જે જે દેશ-કાળાદિને અનુસરીને વ્યવહારથી અભક્ષ્ય કહી હોય, તે સર્વ વસ્તુ લેવાનો નિષેધ સમજવો. ૨૪.

(૧૮૫) **समुआणं चरे भिक्खू, कुलं उच्चावयं सया ।**
**नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधार( व )ए ॥ २-२५ ॥**

સાધુ પ્રતિદિન समुयाणं = શુદ્ધ-સંયમોપકારક-નિર્દોષ-ભિક્ષા મેળવવાના ધ્યેયપૂર્વક उच्चावयं = ઉચ્ચ (ધનિકના) અને હલકા (દરિદ્રના) कुलं = ઘેર (ભેદ વિના) चरे = ફરે. કિન્તુ णीअं = હલકા કુળને ઉલ્લંઘીને-છોડીને ऊसढं = ઋદ્ધિમંતના ઘેર न अभिधावए = ન જાય (અથવા न अभिधारए = જવાનું ન ચિંતવે) (૨૫)

અવચૂરીમાં 'नाभिधावेत्' પાઠ પણ છે. ૨૫.

(૧૮૬) **अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए ।**
**अमुच्छिओ भोअणंमि, मायन्ने एसणारए ॥ २-२६ ॥**

વળી પંડિત, ભોજનની મૂર્છા રહિત, मायन्ने = (પોતાના આહારની) માત્રાનો (પ્રમાણનો)

જાણ, અને एसणारए = એષણાનો (દોષ ટાળવામાં) રાગી, એવો સાધુ अदीणो = દીનતા વિના वित्तिं = આજીવિકાને (આહારને) एसिज्जा = શોધે (મેળવે), ન મળે તો પણ ન विसीइज्जा = વિષાદ (ખેદ) ન કરે. (૨૬)

જ્ઞાનનું ફળ અહીં કહ્યા પ્રમાણે શુભાશુભ નિમિત્તોમાં સમતા કરવી તે જ છે. ૨૬.

(१८७) **बहुं परघरे अत्थि, विविहं खाइमंसाइमं ।**

**न तत्थ पंडिओ कुप्पे, इच्छ दिज्ज परो न वा ॥ २-२७ ॥**

परघरे = ગૃહસ્થના ઘેર વિવિધ (અશન, પાન, ઉપરાંત) ખાદિમ, સ્વાદિમ પણ બહુ अत्थि = હોય, છતાં ન આપે તો तत्थ = તે ગૃહસ્થ ઉપર પંડિત સાધુ કોપ ન કરે, (કિન્તુ એમ વિચારે કે) परो = ગૃહસ્થ પોતાની ઈચ્છા હોય તો दिज्जा = આપે, न वा = ન હોય તો ન આપે. (૨૭)

હક્કથી લેવું તેને ભિક્ષા જ કેમ કહેવાય ? દાતાર ઈચ્છાનુસાર આપે કે ન આપે તો પણ પ્રસન્ન

રહેવું તેમાં સામાયિક છે. કોપથી એ સામાયિકની વિરાધના થાય, માટે કોપ નહિ કરવો. ૨૭.

(१८८) **सयणासणवत्थं वा, भत्तपाणं व संजए ।**
**अदिंतस्स न कुप्पेज्जा, पच्चक्खे वि अ दीसओ ॥ २-२८ ॥**

(એ જ વાતને વિશેષતયા કહે છે કે-) શયન, આસન, કે વસ્ત્ર અથવા ભોજન કે પાણી પ્રત્યક્ષ दीसओ = દેખાતાં છતાં નહિ આપનાર ઉપર સંયત (સાધુ) કોપે નહિ. (૨૮)

(१८९) **इत्थिअं पुरिसं वा वि, डहरं वा महल्लगं ।**
**वंदमाणं न जाइज्जा, नो अ णं फरुसं वए ॥ २-२९ ॥**

સ્ત્રીને, પુરુષને અથવા वि = નપુંસકને, તે પણ डहरं = તરુણને, महल्लगं = વૃદ્ધને, અથવા वा = મધ્યમવયવાળાને, वंदमाणं = વંદન કરતો જોઈને (ભક્ત સમજીને) (આહારાદિ) न जाइज्जा = યાચે (માગે) નહિ અને માગવા છતાં ન આપે તો नो फरुसं वए = કઠોર શબ્દો ન કહે. (૨૯)

માગવાથી અસદ્ભાવ થાય અને કઠોર શબ્દો

કહેવાથી અપમાનાદિ કરે. અથવા બીજો અર્થ **न जाइज्जा** વંદન કરતો દેખીને લાડ ન કરે અને ન વાંદે કે ન આપે તો પણ 'તું વૃથા વંદન કરે છે' વગેરે કટુ-કઠોર શબ્દો ન કહે. ૨૯.

**(११०) जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।**
**एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥ २-३० ॥**

જે ગૃહસ્થાદિ ન વાંદે તેના પ્રત્યે કોપે નહિ, અને કોઈ રાજાદિ મોટા પણ પુરુષ વાંદે તો न समुक्कसे = ઉત્કર્ષ (અભિમાન) કરે નહિ. एवं = એ પ્રમાણે अन्नेसमाणस्स = અન્વેષણ કરનારનું (આહારાદિને શોધનારનું) सामण्णं = શ્રમણપણું अणुचिट्ठइ = અખંડ રહે છે. (૩૦)

**હવે બીજા સાધુઓથી છુપાવનારને કહે છે-**

**(१११) सिया एगइओ लद्धुं, लोभेण विणिगूहइ ।**
**मामेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥ २-३१ ॥**

**(११२) अत्तट्ठागुरुओ लुद्धो, बहु पावं पकुव्वइ ।**
**दुत्तोसओ य सो होइ, निव्वाणं च न गच्छइ ॥ २-३२ ॥**

सिया = કદાચિત્ (કોઈ ક્ષુદ્ર સાધુ) एगइओ = એકલો (ગોચરી કરતાં અશનાદિ શ્રેષ્ઠ આહારને) लद्धुं = મેળવીને लोभेण = રસના લોભથી (એમ વિચારે કે) एयं = આ ભોજન ગુરુને दाइअं संतं = દેખાડવાથી તેને શ્રેષ્ઠ दट्ठूणं = જોઈને તેઓ मा आयए = રખે લઈ ન લે, (માટે છુપાવું) એવી ચોરબુદ્ધિથી મળેલી સારી વસ્તુને બીજી સામાન્ય વસ્તુ નીચે विणिगूहइ = છુપાવે. (૩૧) તો તે अत्तट्ठागुरुओ = આત્માર્થે ગુરુ-શ્રેષ્ઠ વસ્તુને પોતે ઈચ્છતો, રસમાં लुद्धो = લુબ્ધ (ભોજન જેવી ક્ષુદ્ર વસ્તુ માટે માયા કરીને) बहुं = ઘણા पावं = પાપને पकुव्वइ = કરે (બાંધે, તે પાપકર્મના ઉદયથી અન્યભવે દરિદ્ર થાય, આ ભવમાં પણ) सो = તે दुत्तोसओ = દુસ્તોષી (અસંતોષી) થાય અને निव्वाणं = મુક્તિને (અથવા ચિત્તની શાન્તિને) ન પામે. (૩૨)

ગુરુ આજ્ઞાથી અને સર્વ સાધુઓના પુણ્ય તથા પવિત્ર ચારિત્રના પ્રભાવથી મળેલી સર્વ વસ્તુ

ગુરુને સોંપી તેઓ જે જેટલું આપે તે વાપરવાથી મનનો સંયમ તથા અનાદિ વાસના મંદ થાય અને વૈરાગ્યાદિ ગુણો પ્રગટે. અન્યથા જડવૃત્તિને જેમ જેમ પોષણ મળે તેમ વધે અને પરિણામે ચોરી કરવાનો પણ પ્રસંગ આવે. ગુરુને યથાર્થ કહેવું, બતાવવું અને સોંપી દેવું, તેને ગોચરીની આલોચના કહી છે. એનાથી આત્માને ઘણો લાભ થાય છે. હૃદયને ચોરવાથી ગુરુની સાથે રહી ન શકાય, પતન થાય અને સ્વચ્છંદીપણાથી ભવભ્રમણ વધે. 'કર્મમાં મોહનીય, ઈન્દ્રિયોમાં રસના, વ્રતોમાં બ્રહ્મચર્ય અને ગુપ્તિઓમાં મનોગુપ્તિ, એ ચારને જીતવાં દુષ્કર છે' એમ વિચારીને આત્માર્થીએ આત્મવંચના ન કરવી, એ માટે આ સૂચન છે. ગુરુ પણ શિષ્યોને જડનો પક્ષ ન વધે તેમ ત્યાગભાવે વર્તે, શિષ્યને હૃદય છુપાવવા જેવા મલિન પરિણામ ન થાય તેમ તેની વૃત્તિઓને ઓળખીને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરે, એમ કરવાથી ઉભયને પરસ્પર પૂજ્યભાવ અને

વાત્સલ્ય વધતાં બન્ને આરાધક થાય. અન્યથા 'શિષ્ય જે જે દોષો સેવે તે સર્વ દોષો ગુરુને પણ લાગે' એમ શાસ્ત્રવચન છે વગેરે આત્માર્થીએ વિચારવું. પ્રત્યક્ષ દરિદ્રો, ભીખારીઓ, રોગીઓ, નિરાધાર કે દીન-દુ:ખીયાં વગેરે પૂર્વે આ રીતે બાંધેલા કર્મોનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે. ૩૧-૩૨.

હવે પરોક્ષમાં દોષ સેવનારને કહે છે-

(११३) सिआ एगइओ लद्धुं, विविहं पाणभोअणं ।
भद्दगं भद्दगं भुच्चा, विवन्नं विरसमाहरे ॥ २-३३ ॥

(११४) जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी ।
संतुट्ठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥ २-३४ ॥

કદાચ કોઈ એકલો સાધુ વિવિધ (શ્રેષ્ઠ વર્ણાદિવાળા) પાણી તથા ભોજનને મેળવીને भद्दगं = સારું સારું ખાઈને विवन्नं = વર્ણરહિત અને विरस = રસ વિનાનું (બેસ્વાદ) आहरे = ઉપાશ્રયે લાવે. (૩૩) તો તે એવી માયા એ કારણે કરે છે કે-મને इमे समणा = આ બીજા સાધુઓ

अयं मुणी = આ મુનિ आययट्ठी = આયતાર્થી (ભવિષ્યના સુખનો મોક્ષનો અર્થી) હોવાથી (મળવા ન મળવામાં સમવૃત્તિવાળો) संतुट्ठो = સંતોષી છે, पंतं = તુચ્છ પદાર્થોને सेवए = સેવે (ખાય) છે, વિષયો પ્રત્યે लूहवित्ती = રૂક્ષવૃત્તિવાળો છે, અને જેવી તેવી વસ્તુથી सुतोसओ = સંતોષ પામે છે, એમ जाणंतु = જાણે (સમજે). (૩૪)

કીર્તિની લાલસા પણ વિવિધ દોષોનું કારણ બને છે, વસ્તુતઃ કીર્તિના લોભને તજી ગુણોનું સેવન કરવાથી કીર્તિ પણ વધે છે, છતાં અજ્ઞાન અને મોહથી ઘેરાએલા જીવને સાધુજીવનમાં પણ આવી ભૂલો થવી સંભવિત છે. પણ એથી કીર્તિ વધવાને બદલે નાશ પામે, દુર્ગુણનું ઘર બનેલું જીવન જ્યાં ત્યાં અપમાન પામે અને ઈચ્છાઓ અધૂરી જ રહે વગેરે ઉપદેશ કરેલો છે. ૩૩-૩૪.

**(११५) पूयणट्ठा जसोकामी, माणसंमाणकामए ।**
**बहुं पसवई पावं, मायासल्लं च कुव्वइ ॥ २-३५ ॥**

સાધુઓ અને ગૃહસ્થોમાં पूयणट्ठा = પૂજાવા માટે, जसोकामी = યશની ઈચ્છાવાળો તથા माणसंभाणकामए = માન-સન્માનની ઈચ્છાવાળો (ઉપર કહ્યું તેમ માયા કરે, એથી) ઘણા પાપને पसवई = ઉપાર્જે (અને પાપથી ભારે થએલો એ પાપની આલોચના ન કરી શકવાથી) मायासल्लं = ભાવશલ્યને કરે (માયાના પરિણામવાળો થાય). (૩૫)

(११६) सुरं वा मेरगं वा वि, अन्नं वा मज्जगं रसं ।
ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो ॥ २-३६ ॥

अप्पणो = પોતાના जसं = સંયમનું सारक्खं = સંરક્ષણ કરતો भिक्खू = ઉત્તમ મુનિ सुरं = સુરાને (દારૂને) मेरगं = પ્રસન્નજાતિના દારૂને અથવા अन्नं = બીજા પણ (કોઈ ભાંગ-ચડસ) વગેરે मज्जगं = માદક रसं = રસને ससक्खे = કેવલીની સાક્ષીએ न पिवे = પીએ નહિ. (૩૬)

અહીં યશ એટલે સંયમ સમજવું 'કેવલીની

સાક્ષીએ' એમ કહ્યું તેથી કેવલજ્ઞાનથી હમેશાં જોતાં હોવાથી 'કદાપિ ન પીએ' એમ સમજવું. અન્ય આચાર્યો કહે છે કે કોઈ આગાઢ-માંદગી આદિ કારણે બાહ્ય ઉપચાર કરે તો પણ કોઈના દેખતાં ન કરે. ૩૬.

(११७) **पियइ एगइओ तेणो, न मे कोइ विआणइ ।**
**तस्स पस्सह दोसाइ, नियडिं च सुणेह मे ॥ २-३७ ॥**

કોઈ અધર્મી (જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞાનો ભંગ કરવાથી દેવગુરુનો) तेणा = ચોર સાધુ મને કોઈ ન विआणइ = જાણતું (જોતું) નથી, એમ માનીને એકલો (એકાન્તમાં) પીએ, तस्स = તેના (આલોક-પરલોકના) दोसाइ = દોષોને હે શિષ્યો ! તમે पस्सह = જુઓ ! અને તેના नियडिं = માયાદોષને (ફળને) (જણાવનારું) मे = મારું વચન सुणेह = સાંભળો !! (૩૭)

(११८) **वड्ढइ सों( सुं )डिआ तस्स, मायामोसं च भिक्खुणो ।**
**अयसो अ अनिव्वाणं, सययं च असाहुया ॥ २-३८ ॥**

(१९९) निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।
तारिसो मरणंते वि, न आराहेइ संवरं ॥ २-३९ ॥
(२००) आयरिए नाराहेइ, समणे आवि तारिसो ।
गिहत्था विणं गरिहंति, जेण जाणंति तारिसं ॥ २-४० ॥
(२०१) एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जओ ।
तारिसो मरणंते वि, ण आराहेइ संवरं ॥ २-४१ ॥

तस्स = તે ભિક્ષુકને પરોક્ષમાં તેવાં પાપ કરવાનો सोंडिआ = આકરો રાગ થાય, માયાપૂર્વક મૃષાવચન બોલે, (તેથી ભવપરંપરા વધે), સાધુ અને ગૃહસ્થોમાં અપયશ થાય, મનમાં સતત अनिव्वाणं = અશાન્તિ અને (વ્યવહારથી લોકમાં તથા ભાવથી આત્મામાં) અસાધુતા થાય. (૩૮) વળી दुम्मई = દુર્મતિવાળો તે પોતાનાં (પાપ) કર્મોથી जहा तेणो = ચોરની જેમ निच्चुव्विग्गो = નિત્ય ઉદ્વિગ્ન (સંતાપથી બળતો જ) રહે. તેવો સાધુ મરણાન્તે (અંત કાળે) પણ संवरं = ચારિત્રને આરાધી શકે નહિ. (૩૯) વળી તેવો સાધુ (ગુરુ

પ્રત્યે પૂજ્યભાવના અભાવે) આચાર્યને અને समणे आवि = બીજા શ્રમણોને પણ न आराहेइ = આરાધી ન શકે. (બાહ્ય વિનય-વૈયાવચ્ચાદિ કરવા છતાં પૂજ્યભાવના અભાવે આરાધક થાય નહિ.) ગૃહસ્થો પણ તેની ગર્હા (જુગુપ્સા) કરે, जेण = કારણ કે તેઓ તેને તેવો (પતિત) જાણે. (૪૦) एवं तु = ઉપર કહ્યું તેમ (પ્રમાદાદિ) અવગુણોને જોનારો (અવગુણનો પક્ષપાતી), અને (સ્વયં ગુણોને નહિ સેવવાથી તથા બીજાઓના ગુણોનો દ્વેષ કરવાથી) गुणाणं = ગુણોનો विवज्जओ = ત્યાગી (પ્રતિપક્ષી બનેલો) તે સાધુ (ક્લિષ્ટ ચિત્તને કારણે) મરણકાળે પણ संवरं = ચારિત્રને આરાધી શકે નહિ. (૪૧)

વિષયો વિષ કરતાં પણ ભયંકર છે, કારણ કે અનંત સંસાર રઝળાવે છે. પ્રારંભમાં નાનો પણ જણાતો દોષ પરિણામે અનેક દોષોને વધારી આખરે અનંતકાળે મળેલા ચારિત્રનો નાશ કરે છે. એ જ કારણે અનેક વાર ચારિત્ર લેવા છતાં મુક્તિ દુર્લભ

કહી છે. ચારિત્ર લેવા કે ક્રોડપૂર્વ વર્ષ સુધી તેનાં કષ્ટો વેઠવા છતાં પણ જો થોડો દુર્ગુણનો પક્ષ હોય અને જો તેવું વિશિષ્ટ આલંબન ન મળે તો જીવ આકરાં કર્મો બાંધી, કારમાં દુઃખોનું ભાજન બને છે. આ ગાથાઓમાં સાધુને દોષ સેવવાનાં કડવાં ફળો વર્ણવીને લીધેલું ચારિત્ર શુભ નિરતિચાર પાલન કરવાની એકાન્ત હિતકારી પ્રેરણા છે. ૩૮ થી ૪૧.

**હવે નિર્મળ સાધુતા અને તેના પાલનનું ફળ કહે છે-**

(२०२) तवं कुव्वइ मेहावी, पणीअं वज्जए रसं ।
मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥ २-४२ ॥

(२०३) तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइअं ।
विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥ २-४३ ॥

(२०४) एवं तु स गुणप्पेही, अगुणाणं विवज्जओ ।
तारिसो मरणंते वि, आराहेइ संवरं ॥ २-४४ ॥

(२०५) आयरिए आराहेइ, समणे आवि तारिसो ।
गिहत्था विणं पूयंति, जेण जाणंति तारिसं ॥ २-४५ ॥

(સાધુતાની મર્યાદાનો જાણ એવો) બુદ્ધિમાન અને તપસ્વી જે સાધુ (બાહ્ય-અભ્યંતર) તપને કરે, પ્રણીત આહારને અને (ઘી-દૂધ વગેરે) રસોને વર્જે, તથા મધ (ઉન્માદજનક કેફી પીણાં તથા નિદ્રા વિકથાદિ) પ્રમાદથી विरओ = વિરત (દૂર રહે) અને (મરણાન્તે પણ 'હું તપસ્વીજ્ઞાની છું' એવા) अइउक्कसो = ઉત્કર્ષ રહિત હોય (૪૨) तस्स = તેની कल्लाणं = ગુણસંપત્તિને (અર્થાત્ ચારિત્રને) હે શિષ્યો ! તમે पस्सह = જુઓ ! (સાંભળો). તેનું ચારિત્ર अणेगसाहुपूइअं = અનેક સાધુઓથી પૂજિત બને છે, (સેવાય છે. અર્થાત્ બીજા પણ તેના જેવું ચારિત્ર પાળે છે, અથવા તેના ચારિત્રની સેવા-રક્ષા કરે છે, અથવા 'ગુણીની પૂજાથી ગુણની પૂજા થાય' એમ સમજી ચારિત્રગુણની સેવા માટે તે સાધુની સેવા કરે છે), વળી તેનું ચારિત્ર મુક્તિને આપનાર હોવાથી विउलं = વિશાળ બને છે, अत्थसंजुत्तं = (મોક્ષસાધક હોવાથી તુચ્છતાદિ દોષોથી જન્ય

દુઃખોરહિત અને ઉપશમ-જ્ઞાન વગેરે ગુણોના નિરુપમ આનંદને આપનારું હોવાથી) અર્થયુક્ત હોય છે. હું તે સાધુનું कित्तइस्सं = વર્ણન કરીશ, તે मे = મારું વચન હે સાધુઓ ! તમે सुणेह = સાંભળો ! (૪૩) એ પ્રમાણે स = તે સાધુ અપ્રમાદાદિ ગુણોને જોનારો (પક્ષ કરનારો, સ્વયં અવગુણને નહિ સેવવાથી અને બીજાના ગુણોની અનુમોદના કરવાથી) અવગુણોનો ત્યાગી બનવાથી મરણાન્ત કષ્ટ આવે તો પણ અંતકાળ-સુધી संवरं = ચારિત્રને આરાધે છે. (૪૪) તેવો સાધુ આચાર્યને તથા બીજા શ્રમણોને પણ (તેઓના પ્રત્યે સદ્ભાવવાળો હોવાથી) આરાધે છે અને ગૃહસ્થો પણ તેને માન-સન્માન-સત્કાર વગેરે કરીને) પૂજે છે, जेण = કારણ કે તેઓ તેને તેવો (ઉત્તમ) જાણે છે. (૪૫)

ત્રણે લોકના ભોગોનો આનંદ પણ ગુણના અનુભવરૂપ આત્માનંદની તુલનામાં આવી શકતો

નથી. ગુણો દુર્લભ છે, સૌ ગુણને ઈચ્છે છે, ગુણવાન પ્રાયઃ ઉપકારક હોય છે, વગેરે કારણે અનાદિ કાળથી લોક ગુણોનો પક્ષપાતી છે અને તેથી ગુણવાન ન ઇચ્છે તો પણ લોક તેને પૂજે છે - ગુણ ગાય છે, એટલું જ નહિ, તેના ત્યાગને જોઈને તેને જરૂર ઉપરાંત આહારાદિ વસ્તુ આપવાનો આગ્રહ કરે છે, છતાં તે મહામુનિ એમાં લેપાયા વિના નિસ્પૃહતાનો અનુપમ આનંદ અનુભવે છે. એમ જિનાજ્ઞાને અનુસરવાના લાભો આ જન્મમાં પણ અનુભવાય છે. ૪૨-૪૫.

(२०६) **तवतेणे वयतेणे, रुवतेणे य जे नरे ।**
**आयारभावतेणे अ, कुव्वइ देवकिव्विसं ॥ २-४६ ॥**

तवतेणे = તપનો ચોર वयतेणे = વચનનો ચોર, તથા रुवतेणे = રૂપનો ચોર અને आयार-भावतेणे = આચાર તથા ભાવનાનો ચોર હોય, તે देवकिव्विसं = કિલ્બિષિક દેવપણું મળે તેવો (કર્મ બંધ) कुव्वइ = કરે છે. (૪૬)

કોઈ સાધુને પૂછવામાં આવે કે તમે તપસ્વી છો ? ત્યારે તપ રહિત છતાં તે કહે હા, હું તપસ્વી છું. અથવા કોઈ રોગાદિ કારણે દુર્બળ હોય તેને પૂછે કે શું તમે કોઈ ક્લિષ્ટ તપ કરો છો ? ત્યારે પોતાને તપસ્વી મનાવવા કહે કે સાધુ તો સદા તપસ્વી હોય ! એમ ભળતું બોલે, અથવા મૌન રહે, એ રીતે મિથ્યા તપસ્વી ગણાવા દોષ સેવે તે 'તપચોર' સમજવો. એમ જ્ઞાન રહિત એવા કોઈ વચન ચતુરને કોઈ પૂછે કે તમે બહુ શાસ્ત્રોને જાણો છો ? ત્યારે હા કહે, ભળતું બોલે કે મૌન રહે, એ રીતે પંડિતમાં ખપવા દોષ સેવે તે 'વચનચોર' જાણવો. કોઈ રૂપવાન સાધુને બીજો પૂછે કે શું તમે રાજપુત્ર હતા ? ત્યારે તે હા કહે, ભળતું બોલે, મૌન રહે, વગેરે રૂપ માટે દોષો સેવે તે રૂપચોર સમજવો. કોઈ દેખાવ કરવા માટે બાહ્ય આચાર પાળતો હોય તેને કોઈ પૂછે કે અમુક આચાર્યના વિશિષ્ટ આચારવાળા અમુક શિષ્ય સંભળાય છે, તે

શું તમે જ છો ? ત્યારે હા કહે, કે મૌન સેવે વગેરે દોષ સેવે તે આચારચોર અને બીજાનું કહેલું સાંભળીને સંભળાવે, કે પોતે ન જાણતો હોય તે વિષયને કોઈ જ્ઞાનીને પૂછી જાણે, છતાં 'હું એ પ્રમાણે જાણતો જ હતો' એમ કહે ઈત્યાદિ પોતાના દોષને છુપાવનારો ભાવચોર જાણવો. પ્રશંસાનો અર્થી પ્રાયઃ આવા દોષો સેવે અને સ્વશ્લાઘા-પરનિંદા વગેરે દોષો તેને પ્રકૃતિરૂપ બની જાય, ઈત્યાદિ સમજીને તેવા દોષોને ન તજે તો અજ્ઞાન-કષ્ટરૂપ ચારિત્રના બળે તેને હલકો-ચંડાળતુલ્ય દેવનો ભવ મળે અને દીર્ઘકાળ સુધી ત્યાં અપમાન સહવાં પડે. ૪૬.

(૨૦૭) **लध्धूण वि देवत्तं, उववन्नो देवकिव्विसे ।**
**तत्थावि से न याणाइ, किं मे किच्चा इम फलं ॥ २-४७ ॥**

દેવપણું પામીને પણ, કિલ્બિષિક દેવની ગતિમાં ઉત્પન્ન થએલો से = તે સાધુ तत्थावि = ત્યાં પણ (વિશુદ્ધ અવધિજ્ઞાનના અભાવે) ન જાણી શકે કે

શું કરવાથી મને આ ફળ મલ્યું ? અર્થાત્ પૂર્વજન્મના દોષોને ત્યાં પણ જાણી-સમજી ન શકે. (૪૭)

(૨૦૮) **तत्तो वि से चइत्ता णं, लब्भिहि एलमूअगं ।**
**नरयं तिरिक्खजोणिं वा, बोही जत्थ सुदुल्लहा ॥ २-४८ ॥**

ત્યાંથી પણ ચવીને તે (મનુષ્યપણું પામે તો પણ) एलमूअकं = (બકરાની જેમ બોલનારો) બોબડા-મુંગાપણું મળે એવા ભવને પામે, અથવા તિર્યંચયોનિમાં ઊપજે અને ત્યાંથી નરક ગતિને પામે, કે જ્યાં (સકળ સુખ સંપત્તિને આપનાર) બોધિ (જિનશાસનનો રાગ) અતિ દુર્લભ થાય.(૪૮)

(૨૦૯) **एअं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासिअं ।**
**अणुमायं पि मेहावी, मायामोसं विवज्जए ॥ २-४९ ॥**

(ઉપર જણાવ્યા પ્રમાણે) एअं दोसं = આ દોષને જાણીને नायपुत्तेण = જ્ઞાતપુત્રે (શ્રીવર્દ્ધમાન સ્વામીએ) भासिअं = કહ્યું છે કે (કાર્ય-અકાર્યનો અર્થાત્ શાસ્ત્રમર્યાદાનો જાણ એવો) मेहावी = બુદ્ધિમાન્ સાધુ अणुमायं पि = અણુમાત્ર (લેશ)

પણ मायामोसं = માયામૃપાવાદને વર્જે. (૪૯)

(२१०) सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे ।
तत्थ भिक्खू सुप्पणिहिइंदिए,
तिव्वलज्जगुणवं विहरिज्जासि-त्ति बेमि ॥ २-४० ॥

बुद्धाण = પંડિત (ગીતાર્થ) એવા संजयाण = વૈરાગી સાધુઓના सगासे = પાસેતી ઉદ્‌ગમાદિ દોષોથી રહિત भिक्खेसणसोहिं = ભિક્ષા લેવારૂપ એષણા શુદ્ધિને વિનયાદિ ગુણપૂર્વક सिक्खिऊण = શિખીને तिव्वलज्जगुणवं = તીવ્રલજ્જા ગુણવાળો (ઉત્કૃષ્ટ સંયમી) તથા सुप्पणिहिइंदिए = ઈન્દ્રિયોના સુપ્રણિધાનવાળો (ઉપયોગવાળો) બનીને भिक्खू = સાધુ तत्थ = તેમાં (એષણા સમિતિમાં) विहरिज्जासि = વિચરે. (તેનું પાલન કરે) त्ति = એમ (કહેલું હું તને) बेमि = કહું છું. (૫૦)

પ્રથમ ગુણ-દોષનું જ્ઞાન કરાવ્યું અને અહીં તે દોષોને તજીને ગુણોનું પાલન કરવારૂપ ક્રિયા જણાવી. એમ આ અધ્યયનમાં પિંડસંબંધી જ્ઞાન-

ક્રિયારૂપ સંયમનો ઉપદેશ કરેલો છે. જ્ઞાન ક્રિયારૂપે જીવનમાં ઉતારવાથી સફળ થાય છે. માટે '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બેના યોગથી મોક્ષ થાય છે એમ કહ્યું છે. ૫૦.

**समत्तो बीओ उद्देसो ।**

**समत्तं पंचमं अज्झयणम् ॥**

સ.૧ પ્રતિક્રમણ એટલે શું ?

જ. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું. પાપ ધોવાઈ જાય - પાપનો નાશ થાય તેવી જ્ઞાની ભગવંતોએ બતાવેલી મહાન ક્રિયા.

સ.૨ પ્રતિક્રમણ શા માટે કરવું જોઈએ ?

જ. દિવસનાં કે રાત્રિનાં થયેલાં પાપોનો નાશ કરવા પ્રતિક્રમણ કરવું જોઈએ.

સ.૩ પ્રતિક્રમણ કેટલાં છે ? અને તે કયાં કયાં ?

જ. પ્રતિક્રમણ પાંચ છે. (૧) દેવસિ (૨) રાઈ (૩) પક્ખી (૪) ચૌમાસી (૫) સંવત્સરી.

સ.૪ પાંચ પ્રતિક્રમણ વર્ષમાં કેટલી વખત થાય ?

જ. સંવત્સરી પ્રતિક્રમણ વર્ષમાં એક વાર ભા.સુ. ૪ના દિવસે થાય છે. ચૌમાસી પ્રતિ૦ વર્ષમાં ત્રણ વાર કા.સુ. ૧૪, ફા.સુ. ૧૪ અને અ.સુ. ૧૪ના દિવસે થાય છે. પક્ખી પ્રતિ૦ વર્ષમાં એકવીસ વાર ચૌમાસી સિવાયની સુદ ચૌદશોએ તથા બધી વદ ચૌદશોએ. દેવસિ

પ્રતિ૦ ઉપરના ૨૫ દિવસ સિવાય બાકીના બધા દિવસે રોજ સાંજે અને રાઈ પ્રતિ૦ વર્ષના સર્વ દિવસોએ રોજ સવારે કરવામાં આવે છે.

સ.૫ રાત્રિભોજન કરવાથી શું નુકસાન થાય છે ?

જ. રાત્રિભોજન કરવાથી જિનાજ્ઞાભંગનો મહાન દોષ લાગે છે અને શુભ પરિણામનો હ્રાસ થાય છે. વળી પરભવમાં કાગડા, ઘુવડ, ગીધ, બિલાડી, શિયાળ, સાપ, વીંછી અને ગરોળી જેવા દુષ્ટ અવતાર પ્રાપ્ત થાય છે. અહીં પ્રત્યક્ષ પણ ઘણાં નુકસાન થાય છે. ભોજનમાં કીડી આવી જવાથી બુદ્ધિનો નાશ થાય છે. જુથી જલોદરનો રોગ થાય છે. માખીથી ઊલટી થઈ જાય છે. કરોળિયો કોઢ રોગ કરે છે. આ તથા બીજા ઘણા દોષો અને અપચો વગેરે રોગો થાય છે. માટે કદી પણ રાત્રિભોજન કરવું નહીં.

સ.૬ અઠ્ઠાઈ એટલે શું ? તે કેટલી છે ? તે કઈ કઈ ? અને શેની શેની કહેવાય ?

જ. ધર્મની વિશેષ આરાધના કરવાના દિવસો અઠ્ઠાઈ કહેવાય છે. તે ૬ છે. તે નીચે પ્રમાણે છે :

૧. કારતક સુદ ૭ થી કારતક સુદ ૧૫ સુધીની : કારતક ચોમાસાની.

૨. ફાગણ સુદ ૭ થી ફાગણ સુદ ૧૫ સુધીની : ફાગણ ચોમાસાની.

૩. ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ ૧૫ સુધીની : આયંબીલની ઓળીની.

૪. અષાડ સુદ ૭થી અષાડ સુદ ૧૫ સુધીની : અષાડ ચોમાસાની.

૫. શ્રાવણ વદ ૧૨થી ભાદરવા સુદ ૪ સુધીની : પર્યુષણની.

૬. આસો સુદ ૭થી આસો સુદ ૧૫ સુધીની : આયંબીલની ઓળીની.

સ.૭ પાંચ પરમેષ્ઠિનાં નામ આપો.

જ. પાંચ પરમેષ્ઠી : (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ.

સ.૮ નવપદનાં નામ, ગુણ અને રંગ કહો.

જ.

| | | | |
|---|---|---|---|
| ૧. | અરિહંત | ૧૨ ગુણ | ધોળો. |
| ૨. | સિદ્ધ | ૮ ગુણ | રાતો. |
| ૩. | આચાર્ય | ૩૬ ગુણ | પીળો. |
| ૪. | ઉપાધ્યાય | ૨૫ ગુણ | લીલો. |
| ૫. | સાધુ | ૨૭ ગુણ | કાળો. |
| ૬. | દર્શન | ૬૭ ગુણ | ધોળો. |
| ૭. | જ્ઞાન | ૫૧ ગુણ | ધોળો. |
| ૮. | ચારિત્ર | ૭૦ ગુણ | ધોળો. |
| ૯. | તપ | ૧૨ ગુણ | ધોળો. |

સ.૯ નવપદનો દેવાદિ કયા તત્ત્વમાં સમાવેશ થાય છે ?

જ. પહેલાં બે પદનો દેવતત્ત્વમાં સમાવેશ થાય છે. પછીનાં ત્રણ પદોનો ગુરુતત્ત્વમાં

સમાવેશ થાય છે અને બાકીનાં ચાર પદોનો ધર્મતત્ત્વમાં સમાવેશ થાય છે.

સ.૧૦ નવકારવાળીમાં ૧૦૮ મણકા રાખવાનું શું કારણ ?

જ. પંચપરમેષ્ઠીના ગુણો ૧૦૮ છે. તેનું સ્મરણ કરવા માટે ૧૦૮ મણકા રાખવામાં આવે છે.

સ.૧૧ વિહરમાન તીર્થંકર એટલે શું ? તે કેટલા છે ? અને ક્યાં વિચરે છે ?

જ. વિહરમાન તીર્થંકર એટલે વિચરતા તીર્થંકરો. તે ૨૦ છે. તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે.

સ.૧૨ સંઘ એટલે શું ? તે કેટલા પ્રકારનો છે ? અને કયો કયો છે ?

જ. સંઘ એટલે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનનારાઓ અને પાલન કરનારાઓનો સમૂહ. તે ચાર પ્રકારનો છે : (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકા.

• • • • •

# શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
વો અનંતા જેહના, સાન્નિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ||૧||

ષટ્ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૨||

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૩||

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૪||

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ||૫||

આ છે... અણગાર અમારા... !
દાદા જીતવિજય ગુરુ પ્યારા... !

કચ્છ વાગડના કોહિનૂર હીરા, શ્રધ્ધા અપરંપાર...
દાદા જીતવિજય મહારાજ... (૨)
શાંતિનાથ દાદાની શીતલ છાયામાં, સંયમ ભાવના થાય...
દાદા જીતવિજય મહારાજ... !
માતા-પિતાની આજ્ઞા લઈને, સંયમ લે સુખકાર...
દાદા જીતવિજય મહારાજ... !
ગુરૂદેવોની ભક્તિ કરીને, નમ્ર બન્યા અણગાર...
દાદા જીતવિજય મહારાજ... !
મનફરા ગામનું નામ દીપાવ્યું, વર્ત્યો જયજયકાર...
દાદા જીતવિજય મહારાજ... !
જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બનીને, વિનય કરે અપાર...
દાદા જીતવિજય મહારાજ... !
ત્યાગ-તપની ભાવના ભાવી કરે કર્મનો નાશ...
દાદા જીતવિજય મહારાજ... !
અનેક ગામોમાં વિહાર કરીને, વાણી સુણાવી સાર...
દાદા જીતવિજય મહારાજ... !
પલાંસવા ગામને પાવન કરીને, સફળ કર્યો અવતાર...
દાદા જીતવિજય મહારાજ... !

– મુનિશ્રી અમિતયશ વિજય